॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

॥ श्रीजीबापा ॥ ॥ स्वामीबापा ॥

# સંસ્કારદીપિકા

## ભાગ-૨

: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન
શ્રીજીસંકલ્પમૂર્તિ આદ્ય આચાર્યપ્રવર ધર્મધુરંધર
૧૦૦૮ શ્રી મુક્તજીવન સ્વામીબાપા
સુવર્ણજયંતી મહોત્સવ સ્મારક ટ્રસ્ટ
મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮

શ્રી મુક્તજીવન સ્વામીબાપા શતાબ્દી મહોત્સવના ઉપક્રમે

સંવત ૨૦૫૮ વૈશાખ વદ અમાસ

## અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | સ્વામિનારાયણનું સ્મરણ કરતાં | ૩ |
| ૨ | સ્વામિનારાયણ ભગવાન, બીજો કોઈ નહિ | ૪ |
| ૩ | શ્રી સ્વામિનારાયણ ગાદી મહાન | ૫ |
| ૪ | સ્વામિનારાયણ નામનો મહિમા | ૬ |
| ૫ | એ તો ખરૂં ઈશ્વરનું જ કામ | ૭ |
| ૬ | સંત સમાગમ કીજે (ગોડી) બે પદ | ૮ |
| ૭ | પોઢે પ્રભુ સકળ મુનિકે શ્યામ | ૯ |
| ૮ | વચનામૃત ગ્રંથનો મહિમા | ૧૦ |
| ૯ | બાપાશ્રીની વાતોનો મહિમા | ૧૧ |
| ૧૦ | **घनश्याममधुराष्टकम्** | ૧૨ |
| ૧૧ | **गुरुभजनस्तोत्रम्** | ૧૪ |
| ૧૨ | દૈનિક આચાર | ૧૭ |
| ૧૩ | આંકનો મેળ | ૬૪ |
| ૧૪ | ઉપાસના | ૯૮ |
| ૧૫ | એકાદશી માહાત્મ્ય | ૯૯ |
| ૧૬ | એકાદશીનો પ્રાદુર્ભાવ | ૧૦૩ |
| ૧૭ | ચાતુર્માસનું માહાત્મ્ય | ૧૦૭ |
| ૧૮ | નમૂનાનું પ્રશ્નપત્ર | ૧૧૩ |



**ટાઈપ સેટીંગઃ-** *મુક્ત ગ્રાફીક્સ, શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર, અમદાવાદ - ૮*

**મુદ્રકઃ-** *પટેલ પ્રિન્ટીંગ પ્રેસ પ્રા. લિ., રાયપુર દરવાજા પાસે, અમદાવાદ - ૧*


॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

॥ श्रीजीबापा ॥ ॥ स्वामीबापा ॥

# સંસ્કારદીપિકા
# ભાગ - ૨

## ૧ સ્વામિનારાયણનું સ્મરણ કરતાં

સ્વામિનારાયણનું સ્મરણ કરતાં, અગમ વાત ઓળખાણી રે;
નિગમ નિરંતર નેતિ કરી ગાવે,
પ્રગટને પરમાણી રે...........સ્વા૦.....ટેક

મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે;
તપ તીર્થ કરે દેવ દેરાં,
મન ન ટળે મસાણી રે.........સ્વા ૦.....૧

કથા ને કીર્તન કહેતાં ફરે છે, કર્મ તણી જેમ કહાણી રે;
શ્રોતા ને વક્તા બેઉ સમજ્યા વિનાના,
પેટને અર્થે પુરાણી રે..........સ્વા ૦ .....૨

કાશી કેદાર કે દ્વારિકા દોડે, જોગની જુક્તિ ન જાણી રે;
ફેરા ફરીને પાછો ઘરનો રે ઘરમાં,
ગોધો જોડાણો જેમ ઘાણી રે....સ્વા ૦......૩

પીધા વિના તો પ્યાસ ન ભાગે, મર પંડ ઉપર ઢોળે પાણી રે;
મુક્તાનંદ મોહન સંગ મળતાં,
મોજ અમૂલખ માણી રે....સ્વા ૦ .........૪

卐

## ૨ સ્વામિનારાયણ ભગવાન બીજો કોઈ નહિ

સ્વામિનારાયણ ભગવાન, બીજો કોઈ નહિ,
એના સર્વોપરિપણામાં, બીજી જોડ નહિ......સ્વા૦....ટેક

એ છે ક્ષર અક્ષરથી ન્યારા, પ્રેમીજનને પૂરણ પ્યારા;
એના પરચાના ઝબકારા, ઓછા હોય નહિ....સ્વા૦.....૧

મૂર્તિ તેજોમય રૂપાળી, અગણિત રવિ ને શશી જાય વારી;
એની મૂર્તિનાં સુખડાંની, હદ કાંઈ હોય નહિ...સ્વા૦.....૨

આત્યંતિક કલ્યાણ કરવાનાં, રસબસ મૂર્તિમાં રાખવાનાં;
એનાં આપેલાં વરદાનો, ખોટાં હોય નહિ.....સ્વા૦.....૩

શ્રીજી સહુને સુખ આપે છે, દાસાનુદાસનાં દુઃખ કાપે છે;
એની કૃપામય દૃષ્ટિમાં, દુઃખડાં હોય નહિ.....સ્વા૦.....૪

卐



## ૩ સ્વામિનારાયણ ગાદી મહાન

સ્વામિનારાયણ ગાદી મહાન, મુક્તિનાં દ્વાર ખોલે છે;
અમને લઈ લો ગાદીના શરણે,
શરણમાં તો સુખ આવે છે..... સ્વા૦.....ટેક

પ્રેમ ભરેલી સાચી ભક્તિ, જેને કરવી છે;
દોડી આવો શરણે તો, નક્કી મુક્તિ છે;
મુક્તિના દેનારા પ્રીતમ, આ તો એક જ છે;
શ્રીજીબાપાના સાચા વારસદાર,
આજ તો આ ગાદી ઉપર છે....સ્વા૦......૧

હળીએ મળીએ વંદન કરીએ, આવો ઓ શરમાળા;
આરતી પૂજન દર્શન કરીએ, બનીએ રે પ્રેમાળા;
નયન મનોહર મૂર્તિમાં રહીને, સાધી લઈએ કામ;
સ્વામીબાપાના દિવ્ય સાન્નિધ્યે,
સુખના તો ધોધ છૂટે છે.........સ્વા૦......૨

卐

## ૪ સ્વામિનારાયણ નામનો મહિમા

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;
છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક...૧

જે સ્વામિનારાયણ એક વાર, રટે રટ્યાં નામ બીજાં હજાર;
જપ્યા થકી જે ફળ થાય તેનું, કરી શકે વર્ણન કોણ તેનું...૨

ષડક્ષરી મંત્ર મહા સમર્થ, તેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે...૩

ગાયત્રીથી લક્ષગુણો વિશેષ, જાણે જ તેનો મહિમા મહેશ;
જ્યાં જ્યાં મહામુક્તજનો વસાય, આ કાળમાં તો જપ એ જ થાય...૪

જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી ઘણો તે પણ મોક્ષ જાય;
તે મંત્રથી ભૂતપિશાચ ભાગે, તે મંત્રથી તો સદબુદ્ધિ જાગે...૫

તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાસી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે...૬

ષડક્ષરો છે ષટ્શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર;
છએ ઋતુમાં દિવસે નિશાએ, સર્વે ક્રિયામાં સમરો સદાયે...૭

પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્યે સ્મરવું સનેહે;
જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય...૮

જેણે મહાપાપ કર્યાં અનંત, જેણે પીડ્યા બ્રાહ્મણ ધેનુ સંત;
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતાં...૯

શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને એ પ્રજળાવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહેજ તેનું...૧૦

卐



## ૫ એ તો ખરૂં ઈશ્વરનું જ કામ

સ્હેજે કરાવે જનને સમાધિ, રહે નહીં અલ્પ કશી ઉપાધિ;
જુએ જઈને જન શ્રીજીધામ, એ તો ખરૂં ઈશ્વરનું જ કામ...૧

નાણા વડે તો જન વશ્ય થાય, કે શસ્ત્રથી રાજ્ય ઘણાં જીતાય;
વિના ધને જો વશ થાય આમ, એ તો ખરૂં ઈશ્વરનું જ કામ...૨

લાખો જનો નામ ભજે જ જેનું, ખરા દિલે ધ્યાન ધરે જ તેનું;
તજે કહે તો ધન નારી ધામ, એ તો ખરૂં ઈશ્વરનું જ કામ...૩

પક્કા પૂરા જે પરધર્મી હોય, જેને નહીં જીતી શકે જ કોય;
તે શિષ્ય થૈ પાય કરે પ્રણામ, એ તો ખરૂં ઈશ્વરનું જ કામ...૪

જુદા જુદા પંથીજનો ઘણાય, તે સર્વેના ઈષ્ટ થઈ જણાય;
જપે પછી તે જન જેનું નામ, એ તો ખરૂં ઈશ્વરનું જ કામ...૫

જે હિંસકો ચોર તથા લૂંટારા, તે ધર્મપાળે થઈ શુદ્ધ સારા;
એની ધરે જે કરમાં લગામ, એ તો ખરૂં ઈશ્વરનું જ કામ...૬

મનુષ્યથી જેહ ક્રિયા કરાય, તેવી ક્રિયા તો કરશે બીજાય;
જે તુલ્ય બીજો નહીં કોઈ ઠામ, એ તો ખરૂં ઈશ્વરનું જ કામ...૭

ધીમે ધીમે તો પ્રસરાય પંથ, ધીમે ધીમે શ્રેષ્ઠ રચાય ગ્રંથ;
લે અલ્પકાળે કરીને વિરામ, એ તો ખરૂં ઈશ્વરનું જ કામ...૮

જે કામ શીખ્યાથી કરી શકાય, તે કામ તો માણસનું ગણાય;
લાખો જનોનાં મન વશ્ય આણે, એ તો કળા ઈશ્વર એક જાણે...૯

卐

## ૬ સંત સમાગમ કીજે (ગોડી)

### પદ-૧

સંત સમાગમ કીજે, હો નિશદિન.....સંત૦............ટેક
માન તજી સંતનકે મુખસે,
પ્રેમ સુધારસ પીજે........હો૦........૧
અંતર કપટ મેટકે અપનો,
લે ઉનકુ મન દીજે........હો૦.........૨
ભવદુઃખ ટળે બળે સબ દુષ્કિત,
સબ વિધિ કારજ સીજે.....હો૦ .......૩
બ્રહ્માનંદ કહે સંતનકી સોબત,
જન્મ સુફલ કર લીજે....હો૦..........૪

### પદ-૨

સંત પરમ હિતકારી, જગતમાંહી........સંત૦.........ટેક
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ,
ભરમ મિટાવત ભારી......જગત૦....૧
પરમ કૃપાળુ સકળ જીવન પર,
હરિસમ સબ દુઃખહારી....જગત૦.....૨
ત્રિગુણાતીત ફીરત તન ત્યાગી,
રીત જગતસે ન્યારી........જગત૦....૩
બ્રહ્માનંદ કહે સંતનકી સોબત,
મીલત હૈ પ્રગટ મોરારી....જગત૦.....૪

卐



## ૭ પોઢે પ્રભુ સકળ મુનિકે શ્યામ

પોઢે પ્રભુ સકળ મુનિકે શ્યામ,
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ (૨)
સંતનકે વિશ્રામ.....પોઢે૦..... ટેક

અક્ષરપર આનંદઘન પ્રભુ, કીયો હે ભૂપર ઠામ;
જેહી મિલત જન તરત માયા (૨)
લહત અક્ષરધામ.....પોઢે૦.......૧

શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુણનામ;
જાસ પદરજ શીશ ધરી ધરી (૨)
હોવત જન નિષ્કામ....પોઢે૦.....૨

પ્રેમકે પર્યંક પર પ્રભુ, કરત સુખ આરામ;
મુક્તાનંદ નિજ ચરન ઢીંગ ગુન,
ગાવત આઠો જામ.....પોઢે૦.....૩

卐

## ૮ વચનામૃત ગ્રંથનો મહિમા

જગતના સર્વે ગ્રંથોમાં, વચનામૃત ગ્રંથ સારો છે;
જીવોના મોક્ષને માટે, સર્વોત્તમ સૌથી ન્યારો છે.....જગતના૦...ટેક

કેવળ કૃપાળુ બાપાશ્રી, તણી રહસ્યાર્થ પ્રદીપિકા;
સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસે, પ્રશ્નો પૂછી કરી ટીકા....જગતના૦....૧

વચનામૃતના જ આધારે, ઉત્તર પ્રશ્નો તણા કીધા;
રસબસની વાત સમજાવી, જીવોને ન્યાલ કરી દીધા..જગતના૦....૨

શ્રીજીના વચનાનુસારે, ટીકામાં વચનો ગાયાં છે;
પોતાનાં બાળકો જાણી, અનેરાં અમૃત પાયાં છે.....જગતના૦....૩

પોતે દુઃખો ઘણાં વેઠી, જીવોને સુખ આપ્યાં છે;
કૃપાથી મૂર્તિ આપીને, જનમનાં દુઃખ કાપ્યાં છે.....જગતના૦.....૪

રહસ્યાર્થ પ્રદીપિકા, ટીકા સહ વચનામૃત જે છે;
પારાયણ પાઠ કરતાને, શ્રીજી મૂર્તિમાંહી લે છે.....જગતના૦.....૫

પ્રમાણ અપ્રમાણનાં ગપ્પાં, છોડી શ્રીજી વચનને જોજો;
દાસાનુદાસ કહે ભાઈ, મૂર્તિના સુખમાં સહુ ઠરજો....જગતના૦....૬

卐



## ૯ બાપાશ્રીની વાતોનો મહિમા

મૂર્તિમાં રસબસ બનવાને, વાંચો બાપાશ્રીની વાતો....મૂર્તિ૦....ટેક

નારાયણ સકલના સ્વામી, સ્વામિનારાયણ બહુનામી;
સર્વોપરી સમજવાને....................વાંચો૦.....૧

જે છે મૂર્તિ અક્ષરધામે, તે જ મનુષ્યરૂપ આ ઠામે;
તેવી જ પ્રતિમા જાણવાને................વાંચો૦.....૨

શ્રી હરિ છે કલ્યાણકારી, તેવા જ મુક્તો પણ હિતકારી;
અવગુણ દ્રોહ થકી બચવાને..............વાંચો૦....૩

શ્રીજી ને મુક્તોનો મહિમા, તેની આવે નહિ કાંઈ સીમા;
તેમાંથી મનુષ્યભાવ તજવાને..............વાંચો૦....૪

મોટા સંગે જીવને જોડી, દેહાદિક સર્વેથી તોડી;
ધ્યાનની ચાવી મેળવવાને.................વાંચો૦....૫

મૂર્તિના સુખમાંહી ઠરેલા, અનાદિ મુક્તો જે રહેલા;
તેના જેવાં સુખ લેવાને....................વાંચો૦....૬

દિવ્યભાવે ધ્યાન ધરીને, પુરુષોત્તમરૂપ બનીને;
છ માસે મૂર્તિ દેખવાને....................વાંચો૦....૭

દાસાનુદાસ કહે છે ગાજી, શ્રીજીબાપા ધ્યાને રાજી;
શ્રીજી મૂર્તિમાં વસવાને...................વાંચો૦....૮

卐

## ૧૦ ॥ घनश्याममधुराष्टकम् ॥

**वदनं मधुरं हसितं मधुरं, नयने मधुरे श्रवणे मधुरे ।**
**अलिकं मधुरं तिलकं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ॥१॥**

ઘનશ્યામ પ્રભુનું મુખારવિંદ મધુર છે, હાસ્ય મધુર છે, બંને નયન કમળ મધુર છે, બંને કર્ણ મધુર છે, ભાલ મધુર છે અને મધ્યે શોભતો ચંદ્રક મધુર છે, આ રીતે ઘનશ્યામ પ્રભુનું સર્વ મધુર છે.

**हृदयं मधुरं हृद्यं मधुरं, वक्षो मधुरं माल्यं मधुरम् ।**
**कण्ठं मधुरं गीतं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ॥२॥**

ઘનશ્યામ પ્રભુનું હૃદય મધુર છે, તેમનો પ્રેમ મધુર છે, વક્ષઃસ્થલ મધુર છે, કંઠને વિષે પુષ્પહાર ધારણ કરેલો છે તે પણ મધુર છે. કંઠ મધુર છે, ઘનશ્યામ પ્રભુ ગીત ગાય છે તે પણ મધુર છે, આ રીતે ઘનશ્યામ પ્રભુનું સર્વ મધુર છે.

**हस्तौ मधुरौ प्रतलौ मधुरौ, सुमणी मधुरौ कफणी मधुरौ ।**
**वलयं मधुरं वरदं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ॥३॥**

ઘનશ્યામ પ્રભુના બંને હસ્ત મધુર છે, બંને હસ્તની હથેળીઓ તેમજ બંને કાંડાં પણ મધુર છે, બંને હસ્તની કોણીઓ પણ મધુર છે, કાંડા વિષે જે કડાં ધારણ કર્યાં છે તે પણ મધુર છે, વામ હસ્ત વડે જે અભય વરદાન આપી રહ્યા છે તે પણ મધુર છે, આ રીતે ઘનશ્યામ પ્રભુનું સર્વ મધુર છે.

**नाभिर्मधुरा त्रिवली मधुरा, सुकटिर्मधुरा रसना मधुरा ।**
**उदरं मधुरं वसनं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ॥४॥**

ઘનશ્યામ પ્રભુની નાભિ મધુર છે, ઉદરને વિષે પડતી ત્રિવલી મધુર છે, કટિ મધુર છે, કટિને વિષે રહેલો કંદોરો મધુર છે, ઉદર મધુર છે અને ધોતી ધારણ કરી છે તે પણ મધુર છે, આ રીતે ઘનશ્યામ પ્રભુનું સર્વ મધુર છે.



**चरणे मधुरे प्रपदे मधुरे, घुटिके मधुरे प्रसृते मधुरे ।**
**रूपं मधुरं मननं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ॥५॥**

ઘનશ્યામ પ્રભુનાં બંને ચરણારવિંદ મધુર છે, બંને પાંચાં મધુર છે, બંને ઘુંટીઓ મધુર છે, બંને જંઘા મધુર છે, ઘનશ્યામ પ્રભુનું રૂપ મધુર છે અને તે રૂપનું મનન તે પણ મધુર છે, આ રીતે ઘનશ્યામ પ્રભુનું સર્વ મધુર છે.

**श्रवणं मधुरं स्तवनं मधुरं, स्मरणं मधुरं जपनं मधुरम् ।**
**भजनं मधुरं यजनं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ॥६॥**

ઘનશ્યામ પ્રભુના ગુણોનું શ્રવણ મધુર છે, પ્રાર્થના મધુર છે, સ્મરણ મધુર છે, તેમનો જપ મધુર છે, ભજન મધુર છે અને તેમનું પૂજન પણ મધુર છે, આ રીતે ઘનશ્યામ પ્રભુનું સર્વ મધુર છે.

**नमनं मधुरं दास्यं मधुरं, सख्यं मधुरं वचनं मधुरम् ।**
**स्वनिवेदनकं मधुरं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ॥७॥**

ઘનશ્યામ પ્રભુને નમસ્કાર-પ્રણામ કરવા તે મધુર છે, દાસપણું મધુર છે, સખાપણું મધુર છે, તેમનું વચન મધુર છે, તદ્વિષયક આત્મનિવેદનપણું પણ મધુર છે, આ રીતે ઘનશ્યામ પ્રભુની નવધા ભક્તિ પણ મધુર છે.

**मुक्ता मधुरा भोगा मधुराः, स्वामिनारायण गादी मधुरा मधुरा ।**
**शरणं मधुरं बिरुदं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ॥८॥**

ઘનશ્યામ પ્રભુની મૂર્તિમાં રહેલા મુક્તો મધુર છે, તેમના દિવ્ય ભોગ તે પણ મધુર છે, તેમજ તેમની શ્રી સ્વામિનારાયણ ગાદી મધુરાતિમધુર છે, તેમનું શરણ મધુર છે, તેમનું બિરુદ પણ મધુર છે, આ રીતે ઘનશ્યામ પ્રભુનું સર્વ મધુર છે.

卐

## ૧૧ ॥ गुरुभजनस्तोत्रम् ॥

**भवसंभवभीतिभेदनं सुखसंपत्करुणानिकेतनम् ।**
**व्रतदानतपःक्रियाफलं सहजानन्दगुरुं भजे सदा ॥१॥**

જન્મમરણ રૂપી સંસારથી ઉત્પન્ન થતી ભીતિનો નાશ કરનારા, સુખ, સંપત્તિ અને કરુણાના ભંડાર, વ્રત, દાન, તપ વગેરે ક્રિયાઓના ફળ સ્વરૂપ સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

**करुणामयचारुलोचनं शरणायातजनार्तिमोचनम् ।**
**पतितोद्धरणाय तत्परं सहजानन्दगुरुं भजे सदा ॥२॥**

કરુણાપૂર્ણ સુંદર નેત્રવાળા, શરણે આવેલા જનોના દુઃખને દૂર કરનારા, પતિત જનોના ઉદ્ધાર કરવામાં તત્પર એવા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

**निजतत्त्वपथावबोधनं जनतायाः स्वत एव दुर्गमम् ।**
**इति चिन्त्य गृहीतविग्रहं सहजानन्दगुरुं भजे सदा ॥३॥**

પોતાના જ્ઞાનમાર્ગનો બોધ મનુષ્યને પોતાની જાતે થવો અતિ કઠિન છે એમ વિચારી તે સમજાવવા ધારણ કરેલ મનુષ્ય શરીરવાળા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

**विधिशम्भुमुखैरनिग्रहं भवपाथोधिपरिभ्रमाकुलम् ।**
**अपिधार्य मनोनरप्रभं सहजानन्दगुरुं भजे सदा ॥४॥**

શિવ બ્રહ્માદિ મોટા મોટા દેવ વડે પણ વશ નહિ કરાતા અને સંસાર સાગરમાં વારંવાર જન્મમરણરૂપી પરિભ્રમણથી આકુળ અતિ ચંચળ એવા મનને સ્થિર કરનારા મનુષ્યનાટકધારી સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.



**निजपादपयोजकीर्तनं सततं स्याद् भवजीवगोचरम् ।**
**इति यः कुरुते क्रतूत्सवं सहजानन्दगुरुं भजे सदा ॥५॥**

પોતાના ચરણ કમળનું ગુણ કીર્તન, સંસારી જીવોને હંમેશાં થાય તે માટે યજ્ઞો તથા ઉત્સવોને કરતા એવા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

**बहिरीक्षणलोकमानुषं निजदत्ताम्बकदर्शिनां हरिम् ।**
**भजनीयपदं जगद्गुरुं सहजानन्दगुरुं भजे सदा ॥६॥**

બાહ્ય દૃષ્ટિએ મનુષ્ય જેવા જણાતા પરંતુ પોતે આપેલી દિવ્ય દૃષ્ટિવાળા ભક્તોને માટે સાક્ષાત્ હરિ - ભગવાન, તેમજ સર્વને ભજવા યોગ્ય છે ચરણકમળ જેમનાં તથા સમસ્ત જગતના ગુરુ એવા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

**शरणागतपापपर्वतं गणयित्वा न तदीयसद्गुणम् ।**
**अणुमप्यतुलं हि मन्यते सहजानन्दगुरुं भजे सदा ॥७॥**

શરણે આવેલ પાપનો પર્વત હોય તો પણ તેના દુર્ગુણોને નહિ ગણી અને તેને વિશે રહેલા અલ્પ એવા સદ્‌ગુણને મોટા મેરુ તુલ્ય માને છે એવા સહજાનં સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

**भववारिधिमोक्षसाधनं गुरुराज प्रकटस्वसङ्गमम् ।**
**प्रकटीकृतवान् कृपावशः सहजानन्दगुरुं भजे सदा ॥८॥**

હે ગુરુરાજ, સંસારરૂપી સાગરમાં મોક્ષના સાધનરૂપ પ્રગટ આપનો સમાગમ જ છે. તેને કૃપાથી વશ થયેલા આપે અમને મેળવી આપ્યો છે એવા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

**भगवन् कृपया त्वया कृतं जनतायामुपकारमीदृशम् ।**
**क्षमते प्रतिकर्तुमत्र कः कुरुते दीनजनस्ततोऽञ्जलिम् ॥९॥**

હે સ્વામિનારાયણ ભગવાન, આપે કેવળ કૃપા કરી મનુષ્યો ઉપર એવો તો ઉપકાર કર્યો છે જે તેનો બદલો આપવાને આ જગતમાં કોણ સમર્થ છે? (કોઈ પણ સમર્થ નથી) તેથી દીનજન એવો હું (દીનાનાથ ભટ્ટ) હાથ જોડીને આપને નમસ્કાર કરું છું.

**निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तेरवनं विधाता ।**
**दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ॥१०॥**

પોતાના આશ્રિત ભક્તજનોની સમગ્ર પીડાને હરનારા, ધર્મસહિત જે ભક્તિ તેની રક્ષાને કરનારા અને પોતાના ભક્તજનોને મનોવાંછિત સુખને આપનારા એવા કૃષ્ણ-પોતાની મૂર્તિમાં જીવોની વૃત્તિને આકર્ષણ કરનારા - શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણા સમગ્ર મંગળને વિસ્તારો.આપનારા એવા કૃષ્ણ-પોતાની મૂર્તિમાં જીવોની વૃત્તિને આકર્ષણ કરનારા - શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણા સમગ્ર મંગળને વિસ્તારો.

卐



# ૧૨ દૈનિક આચાર

## *૧ સૂર્યોદય પહેલાં જાગવું*

સૂર્યોદય પહેલાં જાગવું. તેમાં પણ બ્રાહ્મમુહૂર્તમાં સવારે વહેલા ચાર વાગે જાગવું તે ઉત્તમ છે. ભગવાનના સ્મરણ તથા પ્રાર્થના સાથે પ્રસન્નચિત્તે જાગવું. વહેલા જાગવા માટે રાત્રે વહેલા સૂવાની ટેવ પાડવી. વહેલા જાગવાથી બળ, બુદ્ધિ, તેજ-કાંતિ વૃદ્ધિ પામે છે. શરીર નીરોગી રહે છે.

***રાત્રે વહેલા જે સૂવે, વહેલા ઊઠે વીર;***
***બળ બુદ્ધિ ને તેજ વધે, સુખમાં રહે શરીર.***

ઉઠાડનાર વડીલે બાળકોને પ્રસન્નચિત્તે ઉઠાડવાં.

## *૨ ધ્યાન કરવું*

દિવસ દરમ્યાન પંદર મિનિટ તો ધ્યાન અવશ્ય કરવું જ. બ્રાહ્મમુહૂર્તમાં સવારે વહેલા ઊઠી નિદ્રા આળસનો ત્યાગ કરી સ્વસ્થ થઈ સ્નાન કર્યા પૂર્વે પણ ધ્યાન કરી શકાય. સ્નાન-પૂજાદિ નિત્યનિયમ કરીને પણ ધ્યાન કરી શકાય. દિવસના ચોવીસ કલાક દરમ્યાન કોઈ પણ સમયે ધ્યાન કરી શકાય. પરંતુ બ્રાહ્મમુહૂર્તમાં ધ્યાન કરવું તે ઉત્તમ છે. બ્રાહ્મમુહૂર્ત એ ભગવાનને પામવાનો સમય છે. **ब्राह्मो मुहूर्ते चोत्थाय चिन्तयेदात्मनो हितम् ।**

## ૧ સૂર્યોદય પહેલાં જાગવું





## ૨ ધ્યાન કરવું



## પૂજા પદ્ધતિ

### ૩ સ્નાન તથા તિલક-ચાંદલો

શૌચ-દાતણ-સ્નાન વગેરે ભગવાનના સ્મરણે સહિત કરવું. ત્યારબાદ સિવ્યા વિનાનાં ધોયેલાં પવિત્ર બે વસ્ત્ર પહેરવાં. (૧) શ્વેત ધોતી (૨) રેશમી ચાદર. સારી રીતે બેસી શકાય તેવા ઊનના, કંતાનના વા રેશમના આસન ઉપર પૂર્વમુખે વા ઉત્તરમુખે સ્વસ્તિકાસને બેસવું. સ્નાનાદિક સર્વ ક્રિયા દરમ્યાન સ્વામિનારાયણ મહામંત્રની ધૂન, સ્તોત્રના પાઠ, વચનામૃત આદિ ધર્મગ્રંન્થોની આવૃત્તિ વગેરે કરવું અથવા વિદ્યાભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પોતાના પાઠ્ય ગ્રન્થોની આવૃત્તિ વગેરે કરવું. તે સર્વ મૌન અને શાંતચિત્તે કરવું.

બ્રાહ્મમુહૂર્તમાં કરવામાં આવતા સ્નાનને ઋષિસ્નાન કહેલું છે. સૂર્યોદય પૂર્વે કરવામાં આવતા સ્નાનને માનુષસ્નાન કહેલું છે. અને સૂર્યોદય પછી કરવામાં આવતા સ્નાનને રાક્ષસીસ્નાન કહેલું છે.

આસન પર બેસી સર્વ પ્રથમ તિલક-ચાંદલો કરવો. તિલકચાંદલો એ આપણા શ્રી સ્વામિનારાયણ ધર્મનું પ્રતીક ચિહ્ન છે. તિલક એ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સૂચક છે અને ચાંદલો એ અનાદિમુક્તનો



૩ સ્નાન તથા તિલક-ચાંદલો



સૂચક છે. એ રીતે તિલકચાંદલો અનાદિમુક્તો શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં રહ્યા છે એ આપણી ઉપાસનાને દર્શાવે છે. કોઈ પણ સમ્પ્રદાયનું ચિહ્ન તેમની ઉપાસનાનું સૂચક હોય છે.

જેના ભાલમાં તિલકચાંદલો હોય તેને(કદાચ અકાળ મૃત્યુ થાય તો પણ) યમદૂત લેવા આવી શકે જ નહિ.

જેના કપાળમાં ટીલું, એનું સદાય લીલું.
(તે આલોક તથા પરલોકમાં સદાય સુખી)

શરીર ઉપર તિલકચાંદલો ચાર જગ્યાએ કરવો. (૧) ભાલમાં, (૨) વક્ષઃસ્થલમાં-છાતીમાં, (૩) જમણી ભુજાએ, (૪) ડાબી ભુજાએ. ભાલમાં જે ચાંદલો કરવો તે કુંકુમનો કરવો અને બીજા જે ત્રણ સ્થાને ચાંદલા કરવા તે જે ચંદનથી તિલક કરીએ છીએ તે ચંદનથી જ કરવા.

સધવા સ્ત્રીઓએ કેવળ ભાલમાં કુંકુમનો ચાંદલો જ કરવો પણ તિલક કરવું નહિ. વિધવા સ્ત્રીઓએ ચાંદલો પણ ન કરવો.



## ૪ માનસીપૂજા

તિલકચાંદલો કર્યા બાદ પ્રથમ પ્રાતઃકાળની માનસીપૂજા કરવી.

પૂજાની સામગ્રી ભેગી કરી આપણે શ્રી ઠાકોરજીને નવરાવવા, વસ્ત્રાલંકાર ધરાવવાં, જમાડવા, પોઢાડવા વગેરે સેવા કરીએ છીએ તેવી જ રીતે મનની ભાવનાએ કરીને પૂજાની બધી સામગ્રી કલ્પી ભગવાનનું ધ્યાન કરી ભગવાનને નવરાવવા, વસ્ત્રાલંકાર ધરાવવાં, જમાડવા, પોઢાડવા વગેરે સેવા પ્રેમભાવથી કરવી તેને માનસીપૂજા કહેવાય. તે પણ ઋતુ અનુસારે તે તે ઋતુને યોગ્ય ઉપચારથી કરવી.

માનસીપૂજા દિવસમાં પાંચ વાર કરવી. તે પાંચ માનસીપૂજા કઈ ? તો પહેલી પ્રાતઃકાળની માનસીપૂજા, બીજી રાજભોગની માનસીપૂજા, ત્રીજી ઉત્થાપનની માનસીપૂજા, ચોથી સાયંસંધ્યાની માનસીપૂજા અને પાંચમી પોઢણીઆની માનસીપૂજા; આ પાંચેય માનસીપૂજા શ્રી સ્વામિનારાયણ ભગવાને છેલ્લા પ્રકરણના ૨૩મા વચનામૃતમાં કહ્યું છે તે રીતે ત્રણેય ઋતુને વિશે જુદે જુદે પ્રકારે કરવી.

### પ્રાતઃકાળની માનસીપૂજા

આ માનસીપૂજા સવારે વહેલા બ્રાહ્મમુહૂર્તમાં જાગી શૌચ, દાતણ, સ્નાન આદિ નિત્યકર્મથી પરવારી પૂજા કરતાં પહેલાં કરવી, પવિત્ર આસન ઉપર સ્વસ્તિકાસને બેસી આંખો બંધ કરી ભાવના

## ૪ માનસીપૂજા





કેળવવી જે સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને મને ત્રણ દેહથી પૃથક કરી પોતારૂપ કરી મૂર્તિમાં રાખ્યો છે. હું મૂર્તિમાં જ છું. આવી ભાવના કેળવી પ્રથમ ભગવાનનું ધ્યાન કરવું. ત્યારબાદ મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન ઢોલિયામાં પોઢ્યા છે તેમને દંડવત પ્રણામ કરી પ્રાર્થના વિનય કરી જગાડવા. મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના ભક્તોને સુખ આપવાને માટે યોગનિદ્રાનો ત્યાગ કરી જાગ્રત થઈ તકિયાનું ઓઠીંગણ લઈ સુખશય્યામાં વિરાજમાન થયા છે અને મંદ હાસ્ય કરી રહ્યા છે અને ભગવાનના અંગોઅંગ અને રોમેરોમમાંથી ઝરમર ઝરમર તેજ છૂટે છે; આવા ધ્યાનપૂર્વક ભગવાનની મંગળા આરતી કરવી. અતિ પ્રેમમગ્ન થઈ ભગવાનની દૃષ્ટિમાં દૃષ્ટિ પરોવી તન્મય બની જમણા હાથમાં આરતી ગ્રહણ કરી ભગવાનનાં મુખકમળ, હૃદયકમળ, હસ્તકમળ, નાભિકમળ અને ચરણકમળ એમ પાંચ કમળને ક્રમથી એક એક આંટો લેવો. ત્યારબાદ નખશિખ સળંગ મૂર્તિને ત્રણ આંટા લેવા અને તે તે આંટામાં ભગવાનનાં તે તે અંગમાં અને સળંગ મૂર્તિમાં મને સહિત દૃષ્ટિ પરોવવી; આમ રોમાંચિત ગાત્ર થઈ ભગવાનની આરતી કરવી. ત્યારબાદ સ્તુતિ પ્રાર્થના વંદના કરવી. મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન તો દિવ્યમૂર્તિ છે. તેમને મનુષ્યની પેઠે શૌચક્રિયા હોય નહિ માટે તેમને સુંદર બાજોઠ ઉપર વિરાજમાન કરી શુદ્ધ સુગંધીમાન જળથી કોગળા કરાવી દાતણ કરાવવું. ત્યાર પછી ભગવાનને ચરણકમળ, હસ્તકમળ, મસ્તક વગેરે અંગોઅંગમાં

તેલફુલેલથી મર્દન કરી નિર્મળ સુગંધીમાન જળથી પ્રેમપૂર્વક સ્નાન કરાવવું. પછી શુદ્ધ રૂમાલથી શરીર લૂછી, અતિ ઉત્તમ ઝીણું ઘાટું કટિવસ્ત્ર પહેરવા આપવું અને એક સુંદર મુલાયમ અંગરખું પહેરાવવું, તેમજ ઝીણું અને કીમતી વસ્ત્ર મસ્તકે બંધાવવું, તો કોઈ વખત પાઘ, ટોપી, મુગટ, મોળિયું, સાફો વગેરે ધરાવવું, પછી ખભે ખેસ ધરાવવો. શ્રીજીમહારાજને વસ્ત્ર ધરાવી સુંદર દિવ્ય તેજોમય આસન પર વિરાજમાન કરી ભાલમાં તિલકચાંદલો કરાવવો. વળી ચરણકમળમાં તુલસી ચઢાવી પંચામૃતથી પાદપ્રક્ષાલન કરી વિવિધ ઉપચારથી પૂજન કરવું અને ભાલમાં કેસર મિશ્રિત મળિયાગર ચંદન ચર્ચવું. તેમજ પોતાને જેવો પ્રેમ ઊપજે તે પ્રકારે હસ્તકમળ, ચરણકમળ, સાથળ, વક્ષસ્થલ, બાહુ વગેરે અંગોઅંગમાં ચંદન ચર્ચવું. હસ્તકમળના તળામાં તથા ચરણારવિંદના તળામાં કુંકુમ ચોપડવું અને પ્રેમથી વારંવાર ભગવાનને મળવું. ગુલાબ, મોગરો, જૂઈ, ચંપો, ચમેલી આદિ સુગંધીમાન પુષ્પના અનેક ચડાઊતરી હાર ભગવાનને કંઠમાં ધરાવવા. પાઘને વિશે ફૂલના તોરા ધરાવવા તથા કોઈવખત પુષ્પનો મુગટ ધરાવવો. ગજરા, બાજુબંધ વગેરે પુષ્પનાં આભૂષણ અંગોઅંગમાં ધરાવવાં. ત્યારબાદ ધૂપદીપ અર્પણ કરી સાકર, એલાયચી, બદામ, ચારોળી, કેસર, ઘૃત મિશ્રિત દૂધ ભગવાનને પાન કરવા આપવું તથા મગજ, મેસૂર વગેરેના બાળભોગ ધરાવવા અને પ્રાર્થનાપૂર્વક ભાવથી ભગવાનને જમાડવા. જમતાં જમતાં રાજી થઈને મહાપ્રભુજી પ્રસાદી આપે તે પ્રસાદી મૂર્તિમાં



રહીને લેવી. ત્યારબાદ ભગવાનને જળપાન કરાવી મુખવાસ આપવો. પછી શણગાર આરતી કરી સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી સ્તુતિ પ્રાર્થના પૂર્વક સેવામાં થયેલ ભૂલચૂકની ક્ષમા યાચના કરી ભગવાનને ફરીથી મળવું. ત્યારબાદ મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના મુક્તમંડળની સભામધ્યે દિવ્ય તેજોમય શ્રી સ્વામિનારાયણ ગાદી પર વિરાજમાન છે અને દર્શનદાને તથા વાતચીત કરી સહુ મુક્તોને આનંદ આપી રહ્યા છે અને આપણે પોતે મહાપ્રભુજીને પંખાથી પવન નાખવો, ચમર ઢોળવી વગેરે સેવા કરી રહ્યા છીએ એ પ્રકારે મનન-ધ્યાન કરતાં કરતાં તે માનસીપૂજા પૂરી કરવી.

શિયાળો હોય ત્યારે ભગવાનને પ્રથમ કહ્યું તે રીતે જ ધારવા પરંતુ ગરમ જળથી સ્નાન કરાવવું, ગરમ વસ્ત્ર ધરાવવાં પણ ચંદન તથા ફૂલના શણગાર ન ધરાવવા અને દેદીપ્યમાન ભારે ભારે નંગ જડિત સુવર્ણના અલંકાર ધરાવવા તથા તેજાનાવાળાં પકવાન, શિયાળુપાક જમાડવા, ઉનાળામાં શીતળ જળથી સ્નાન કરાવવું. ઝીણાં અને ઘાટાં શ્વેત વસ્ત્ર પહેરાવવાં, અંગોઅંગમાં મળિયાગર ચંદન ચર્ચવું તથા પુષ્પનાં આભૂષણ ધરાવવાં અને ભોજન પણ તેવા પ્રકારનાં જમાડવાં. ચોમાસામાં કસુંબલ એવાં સુંદર વસ્ત્ર ધરાવવાં તથા યથાયોગ્ય સામગ્રીએ કરી સેવા પૂજા કરવી. આમ ઋતુ અનુસાર માનસીપૂજા કરવી.

## રાજભોગની માનસીપૂજા

રાજભોગની માનસીપૂજાનો સમય સવારના નવથી દશ વાગ્યા સુધીનો ઉત્તમ છે. મંદિરોમાં પણ આ જ સમયે શ્રી ઠાકોરજીને થાળ ધરાવવામાં આવે છે. મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન મુક્તમંડળની મધ્યે દિવ્ય તેજોમય સિંહાસન - શ્રી સ્વામિનારાયણ ગાદી પર વિરાજમાન છે અને દર્શનદાને મુક્તમંડળને સુખ આપી રહ્યા છે આવી રીતે ધ્યાન ધરવું. પછી જમવાનો સમય થયો હોવાથી બે હાથ જોડી ભગવાનને ભોજન લેવાને માટે પ્રાર્થના કરવી. શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણી પ્રાર્થના સ્વીકારે એટલે તેમને સ્નાન કરાવી એક પીતાંબર પહેરાવવું અને એક ઓઢાડવું. પછી સુવર્ણ બાજોઠ પર વિરાજમાન કરવા અને આગળ બીજા સુવર્ણ બાજોઠ પર ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય એ ચારે પ્રકારનાં પોતાને ભાવતાં ભોજનથી ભરેલો સુવર્ણ થાળ મૂકવો અને તે ભોજન અંગીકાર કરવા ભગવાનને પ્રાર્થના કરવી, થાળ બોલવો. મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની દૃષ્ટિ અને સ્પર્શ થતાં જ તે બધાં ભોજન પણ દિવ્ય તેજોમય છે તેમ ધારવું. પછી મૂર્તિમાં રહીને એક એક કોળિયો લઈને ભગવાનને પ્રેમથી જમાડવા. મિષ્ટાન્ન, શાક, ફરસાણ વગેરેનાં નામ લઈ લઈ ભગવાનને આગ્રહ કરી કરી જમાડવા. હે મહારાજ ! આ કેસરિયો બિરંજ રહી ગયો, તે બહુ જ સ્વાદિષ્ટ થયો છે, થોડો અંગીકાર કરો. મહારાજ ! પૂરણપોળી અંગીકાર કરી કૃતકૃત્ય કરો. હે મહારાજ ! હે નાથ ! ઘીમાં કરેલ રીંગણાનું શાક તો એમ ને એમ જ રહી ગયું, તે મસાલાદાર અતિ સ્વાદિષ્ટ છે; થોડુંક તો જમો. આમ નામ લઈ તે તે વસ્તુનાં વખાણ કરી



ભગવાનને ખૂબ જમાડવા. મહાપ્રભુજી ના ના કહે તો પણ પોતાને ભાવતાં ભોજન વારંવાર સ્તુતિ પ્રાર્થના કરીને જમાડવાં. મધ્યે શીતલ સુગંધીમાન જળ પીવાને આપવું. શ્રી સ્વામિનારાયણ ભગવાન કોળિયો મુખમાં મૂકી ચાવતા હોય ત્યારે તેમની જે ચાવવાની દંતની ચતુરાઈ તેનાં દર્શન મૂર્તિમાં રહીને કરવાં. તે કોળિયો કંઠની નીચે ઉતારે ત્યારે તેનાં પણ દિવ્યભાવથી દર્શન કરવાં. મહાપ્રભુજી જમતાં જમતાં પ્રસન્ન થઈ આપણને પ્રસાદી આપે તે પ્રસાદી પણ મૂર્તિમાં રહીને લેવી. આમ પોતાને જેટલો પ્રેમ ઊપજે તેટલું મહાપ્રભુજીને જમાડવું. ભોજનના અંતે દહીંસાકર કે દૂધસાકર જમાડવાં. ભગવાન જમીને તૃપ્ત થાય એટલે સુગંધીમાન જળથી મુખશુદ્ધિ કરાવી જળપાન કરાવવું અને મુખવાસ આપવો, પાનબીડાં આપવાં. શ્રી ઘનશ્યામ મહાપ્રભુજી પાનબીડાં ચાવી તે તંબોળની પ્રસાદી આપે તે દિવ્યભાવથી લેવી અને ભવબ્રહ્માદિક મોટા મોટા દેવોને પણ દુર્લભ એવી આ પ્રસાદી શ્રી ઘનશ્યામ મહારાજે કેવળ દયા કરીને રાજી થઈને મને આપી એમ મહિમા સમજી પોતાને કૃતકૃત્ય માનવું. ત્યારબાદ શ્રી ઘનશ્યામ મહાપ્રભુજીને સુંદર આસન પર વિરાજમાન કરી રાજભોગની આરતી કરવી અને સ્તુતિ પ્રાર્થના પ્રણામ કરી વારંવાર મળવું. ત્યારબાદ જળપાન કરાવી સમય થયે મહાપ્રભુજીને પોઢાડવા અને પોતે ચરણસેવા કરવી. આમ દર્શન-પ્રસાદી-સેવા તેના આનંદનું મનન-ધ્યાન કરતાં કરતાં રાજભોગની માનસીપૂજા પૂરી કરવી. મૂર્તિમાં રહીને અનાદિ મુક્તની સ્થિતિની લટકથી માનસીપૂજા કરતા હોય તેમણે ભગવાનના પ્રસાદી અન્ને કરીને મુક્તોને જમાડવા એવું પૃથક્ ધારવાની જરૂર રહેતી નથી, કારણ કે તે મુક્તો નિરંતર મૂર્તિમાં રહેલા છે, એટલે ભગવાનની સેવાપૂજામાં તેમની સેવાપૂજા આવી જાય છે.

## ઉત્થાપનની માનસીપૂજા

ઉત્થાપનની માનસીપૂજાનો સમય મંદિરમાં શ્રી ઠાકોરજી જાગે તે સાંજના પોણાચારથી ચાર વાગ્યાનો ઉત્તમ છે. મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન યોગનિદ્રા ગ્રહણ કરી દિવ્ય પલંગમાં પોઢ્યા છે, એમ ધ્યાન કરી પ્રાર્થના વિનય કરી તેમને જગાડવા. મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન જાગ્રત થઈ ઝરમર ઝરમર તેજપૂંજમાં દર્શન આપે છે એમ ધ્યાન કરવું. પછી સુગંધીમાન જળથી મહાપ્રભુજીને મુખપ્રક્ષાલન તથા કોગળા કરાવવા. ત્યારપછી કેળાં, ચીકુ, દાડમ, અનાનસ આદિ ફળમેવા પ્રેમથી જમાડવા અને મહાપ્રભુજી જે પ્રસાદી આપે તે મૂર્તિમાં રહીને લેવી. ત્યારબાદ શ્રી સ્વામિનારાયણ ભગવાનને દિવ્ય વસ્ત્રાલંકાર ધરાવી દિવ્ય સિંહાસન - શ્રી સ્વામિનારાયણ ગાદી પર વિરાજમાન કરવા અને સ્તુતિ પ્રાર્થના કરી વારંવાર મળવું. મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન દર્શનાર્થીઓને દર્શનદાને આનંદ આપે છે અને આપણે પોતે સેવામાં હાજર છીએ. એમ ધારતાં ધારતાં ઉત્થાપનની માનસીપૂજા પૂરી કરવી.

શરદઋતુનો સમય હોય તો ભગવાન જાગ્રત થાય એટલે નદી કે તળાવના નિર્મળનીરમાં સ્નાન કરવાને માટે પધારવા પ્રાર્થના કરવી. પ્રાર્થના સ્વીકારી શ્રી સ્વામિનારાયણ ભગવાન અશ્વ પર આરૂઢ થઈ સંતો ભક્તોથી વીંટાયા થકા નદી કે સરોવરે સ્નાન કરવા પધાર્યા છે. અને ત્યાં જળમાં બહુ પ્રકારે જળક્રીડા કરી પોતાના સેવકોને સુખ આપે છે એમ દિવ્યભાવથી ધારવું અને આપણે પણ જળના કળશ ભરી ભરીને



ભગવાનને સ્નાન કરાવવું. ત્યારબાદ મહાપ્રભુજીને ઝીણાં શ્વેત વસ્ત્ર ધારણ કરાવી ત્યાં જ નદી કિનારે સંતો ભક્તોની સભામધ્યે ઊંચા આસન પર વિરાજમાન કરવા અને અંગોઅંગમાં મળિયાગર ચંદન ચર્ચવું અથવા અંગોઅંગમાં પુષ્પનાં આભૂષણ ધરાવવાં અને વિવિધ પ્રકારના ફળમેવા જમાડવા અને સ્તુતિ પ્રાર્થના કરી વારંવાર મળવું. ત્યારબાદ સાથે રહેલા સર્વે સંતોભક્તો પણ ભગવાનની વિધવિધ પ્રકારે સેવાપૂજા કરે છે, એમ ધારતાં ધારતાં તે માનસીપૂજા પૂરી કરવી. અથવા મહાપ્રભુજી સ્નાન કરીને સુંદર બાગમાં આમ્રવૃક્ષ નીચે પાટ પર વિરાજમાન થયા છે અથવા તો આમ્રવૃક્ષની ડાળે ફૂલનો હિંડોળો બાંધ્યો છે તેમાં વિરાજમાન થયા છે અને સંતો ભક્તો વિધવિધ દ્રવ્યોપચારથી મહાપ્રભુજીની પૂજા કરે છે અને મહાપ્રભુજીના અંગોઅંગમાં ફૂલમંડળી ખીલી છે અને સમગ્ર મૂર્તિમાંથી ઝરમર ઝરમર તેજ છૂટે છે અને મહાપ્રભુજીને ધરાવેલ વસ્ત્રાલંકારમાંથી તથા પુષ્પનાં આભૂષણમાંથી પણ તેજ છૂટે છે અને મંદહાસ કરી મહાપ્રભુજી સહુને હેરી રહ્યા છે એમ ધારવું. અથવા સ્નાન કરી શ્રી સ્વામિનારાયણ ભગવાન સંતો ભક્તોથી વીંટાયા થકા અશ્વ પર આરૂઢ થઈ પુનઃ નિજમંદિરે પધારી સભામાં દિવ્ય સિંહાસન - શ્રી સ્વામિનારાયણ ગાદી પર મહારાજાધિરાજપણે વિરાજમાન થાય છે અને આપણે તેમનાં દર્શન તથા સેવા કરીએ છીએ. એમ ધારતાં ધારતાં તે માનસીપૂજા પૂરી કરવી. આમ પોતાને જેવો ભાવ જાગે તે પ્રકારે અતિ સ્નેહથી દિવ્યભાવથી ભગવાનની માનસી પૂજા કરવી.

## સાયંસંધ્યાની માનસીપૂજા

સાયંસંધ્યાની માનસીપૂજાનો સમય સંધ્યા આરતી પછીનો છે. તે સમયે મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન સંતોભક્તોની સભા મધ્યે દિવ્ય સિંહાસન - શ્રી સ્વામિનારાયણ ગાદી પર સ્વરાટ થકા વિરાજમાન છે ને આપણે ભગવાનની સંધ્યા આરતી કરીએ છીએ. ભગવાનની મૂર્તિમાંથી તેજની છટા છૂટે છે અને અક્ષરાદિક અનંત દેવો, અવતારો ભગવાનનાં દર્શને આવ્યા છે ને ખમ્મા ખમ્મા તથા જય જયના પોકાર કરી પુષ્પની વૃષ્ટિ કરી ભગવાનને રીઝવી રહ્યા છે. મહાપ્રભુજી પણ પ્રસન્ન થઈ બન્ને કરકમળને ઊંચા કરી અભય મુદ્રાએ સહુને આશીર્વાદ આપે છે. આમ સર્વ પ્રથમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરવું. આરતી કર્યા બાદ ભગવાનને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી સ્તુતિ કરી વાળુ કરવાને માટે પ્રાર્થના કરવી. પ્રાર્થના સ્વીકારી શ્રી સ્વામિનારાયણ ભગવાન સુવર્ણજડિત બાજોઠ પર વિરાજમાન થાય એટલે આગળ બીજા બાજોઠ પર પૂરી, પુડલા, શાક, ખીચડી, પાપડ, દૂધ વગેરે નૈવેદ્ય ભરેલો થાળ મૂકવો અને તે અંગીકાર કરવા પુનઃ પ્રાર્થના કરવી અને વારંવાર પ્રાર્થના આગ્રહ કરી કરી ભગવાનને અતિ પ્રેમથી જમાડવા. ભગવાને આપેલ પ્રસાદી લેવી અને પ્રેમથી મળવું. ત્યારબાદ મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનને સભા મધ્યે સુંદર સિંહાસન - શ્રી સ્વામિનારાયણ ગાદી પર વિરાજમાન કરવા અને આપણે પોતે સેવામાં હાજર રહેવું. મહાપ્રભુજી દર્શનાર્થી મુમુક્ષુઓને દર્શનદાને તથા કથાવાર્તા કરી સુખ આપી રહ્યા છે. એવું ધ્યાન કરતાં કરતાં સાયંસંધ્યાની માનસીપૂજા પૂરી કરવી.



## પોઢણીઆની માનસીપૂજા

પોઢણીઆની માનસીપૂજા રાત્રે શયન આરતી બાદ અથવા સ્વાભાવિક ચેષ્ટાનાં પદ બોલ્યા બાદ કરવી. મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન મુક્ત મંડળની સભામધ્યે દિવ્ય સિંહાસન - શ્રી સ્વામિનારાયણ ગાદી પર વિરાજમાન છે એમ પ્રથમ ધ્યાન કરવું. ત્યારબાદ શયનનો સમય થયો હોવાથી શ્રી ઘનશ્યામ મહાપ્રભુને શયનને માટે પ્રાર્થના કરવી. પછી મહાપ્રભુજીએ ધારણ કરેલા ભારે ભારે વસ્ત્રાલંકાર તેને ઉતારી સાદાં વસ્ત્ર પરિધાન કરાવવાં અને બદામ, ચારોળી, એલાયચી, સાકર નાખી તૈયાર કરેલું નવશેકું દૂધ ધરાવવું અને મુખપ્રક્ષાલન કરાવી જળપાન કરાવવું. પછી શયન આરતી કરી સ્તુતિ પ્રાર્થના વંદના કરવી, ત્યારબાદ ગાદલું, ઓશીકું, ગાલમશૂરિયાં વગેરેથી સજેલ સુંદર મુલાયમ સુખશય્યા, તેમાં મહાપ્રભુજીને પોઢાડવા અને મધુર મધુર ધીમે સ્વરે 'પોઢે પ્રભુ સકલ મુનિ કે શ્યામ' એ અથવા એવાં બીજાં પ્રાર્થના કે મૂર્તિનાં વર્ણનનાં કીર્તન બોલવાં. ભગવાન રાજી થઈ આપણને પોતાની પાસે બોલાવી આપણા મસ્તકે પોતાનો કોમળ કરકમળ મૂકે છે ને સૂતે સૂતે બાથમાં લઈને મળે છે એવી ભાવના કેળવવી. ત્યારબાદ આપણે તે મહાપ્રભુજીની ચરણસેવા કરીએ છીએ અને મહાપ્રભુજી યોગનિદ્રાને અંગીકાર કરે છે, આવી ભાવના કરતાં કરતાં પોઢણીઆની માનસીપૂજા પૂરી કરવી.

આવી રીતે માનસીપૂજા કરતાં કોઈ વખત ભગવાનનાં સન્મુખ દર્શન થાય અથવા સન્મુખ સેવામાં આવી જવાય તો પણ પોતે તો એમ જ દૃઢ મનન રાખવું જે શ્રી સ્વામિનારાયણ ભગવાને કેવળ દયા કરીને મને પોતાના જેવો દિવ્ય સાકાર - પુરુષોત્તમરૂપ કરી પોતાની મૂર્તિમાં

રાખ્યો છે, હું મૂર્તિમાં જ છું, પણ ભગવાન મારા સુખને માટે મને આ પ્રકારે દર્શન આપે છે, એવું જાણપણું રાખવું, પણ બીજો ભાવ આવવા દેવો નહિ. વળી કોઈને એમ થાય જે મૂર્તિમાં રહીને ભગવાનને નવરાવવા, વસ્ત્ર ધરાવવાં, જમાડવા વગેરે સેવાપૂજા કરવામાં તો મૂંઝવણ થાય, પણ એવું કાંઈ કઠિન નથી. અભ્યાસ ન હોય તેથી સંભ્રમ જેવું લાગે પણ રોજબરોજના અભ્યાસથી તથા ભગવાનની કૃપા થતાં ધીરે ધીરે બધુંય ઠીક થઈ જાય અને માનસીપૂજા કરવામાં ખૂબ આનંદ આવે ને મૂંઝવણ માત્ર ટળી જાય. આ જીવ દેહમાં રહીને દેહની સર્વે ક્રિયા નવરાવવું, વસ્ત્ર પહેરાવવાં, જમાડવું વગેરે કરે છે તો પણ તેને ક્યારેય મૂંઝવણ થતી નથી, તેમજ બધી ક્રિયાઓ પણ સારી રીતે થયા જ કરે છે. તેમ ત્રણ દેહથી પૃથક્ થઈને દેહને ઠેકાણે ધ્યેય મૂર્તિ જે શ્રીજીમહારાજ તેમને ધારીને તે મૂર્તિમાં રહ્યા થતા માનસીપૂજા કરીએ તો કોઈ વાંધો આવે નહિ કે મૂંઝવણ પણ થાય નહિ. શરૂઆતમાં મૂર્તિ દેખાય કે ન દેખાય તો પણ મૂર્તિ ધારવાનું મૂકી દેવું નહિ. વળી આ પ્રકારે માનસીપૂજા કરતાં ભગવાનને હંમેશાં દિવ્ય તેજોમય જ જોયા કરવા, પણ બીજો ભાવ ક્યારેય આવવા દેવો નહિ. તેમજ સેવાપૂજાની જે સામગ્રી તથા ભગવાનને ધરાવેલ વસ્ત્રાલંકાર વગેરે પણ ભગવાનના જેવાં જ દિવ્ય તેજોમય ધારવાં. આમ માનસીપૂજા કરતાં કરતાં ધ્યાન થાય ને મૂર્તિ સિદ્ધ થઈ જાય.

માનસીપૂજા કરવા બેસવું ત્યારે પ્રથમ ભગવાનમાં વૃત્તિ સ્થિર કરીને આસન વાળીને ટટ્ટાર બેસવું જેથી ઊંઘ આળસ આવે નહિ. તેમજ કોઈ પ્રકારે સાન કે ઈશારા પણ ન કરવા. પોતાને જેવો પ્રેમ ઊપજે તે રીતે ભગવાનને જમાડવા, પોઢાડવા, નવરાવવા, પ્રાર્થના,



સ્તુતિ, વિનય આદિ કરવું પરંતુ તે બધું દિવ્યભાવ અને મહિમાપૂર્વક અતિસ્નેહથી કરવું; શુષ્ક મનથી કે વેઠ વળગી છે તે રીતે ન કરવું. શ્રી સ્વામિનારાયણ ભગવાન સારંગપુરના ત્રીજા વચનામૃતમાં કહે છે જે ભગવાનને વિશે પ્રેમે કરીને અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્ગદ કંઠ થઈને જે ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા એવી રીતે જે ભગવાનની માનસીપૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે અને રોમાંચિત ગાત્રને ગદ્ગદ કંઠ થયા વિના કેવળ શુષ્ક મને કરીને ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે તોય ન્યૂન છે અને માનસીપૂજા કરે છે તોય ન્યૂન છે.

આપણા સદ્ગુરુ સ્વામીબાપા કહેતા કે દિવસમાં કેટલીવાર મરો છો ? એટલે દિવસમાં કેટલીવાર માનસીપૂજા કરો છો ? માનસીપૂજા એ તો આગળ વધવા માટેનું પહેલું પગથિયું છે. જે માનસીપૂજા કરે છે તેનો જીવ બળને પામે છે ને તેને શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિશે અતિશે પ્રેમ થાય છે; અને જ્યારે ભગવાનને વિશે પ્રેમ થાય છે ત્યારે ભગવાનની સેવા કરવામાં કોઈ જાતનો અંતરાય રહેતો નથી. પ્રેમેસહિત માનસીપૂજા કરે તો કનિષ્ઠ ભક્ત હોય તો પણ ઉત્તમ ભક્ત થાય અને ભગવાનની સેવા કરવામાં શ્રદ્ધા વૃદ્ધિ પામે. પ્રેમ ન હોય તો માનસીપૂજા થતી નથી. માનસીપૂજાનો સમય આવે ત્યારે વેઠ વળગી છે એમ કરીને કાઢી ન નાખવું, પરંતુ માનસીપૂજામાં પોતાના સ્વરૂપનો વિચાર કરવો. હું દેહ નહિ, હું પુરુષોત્તમરૂપ છું. **अहं पुरुषोत्तमरूपोऽस्मि** । જેટલીવાર દેહભાવ ભૂલાય તેટલીવાર મર્યા કહેવાય અને તેટલી જ ભગવાનની સ્મૃતિ રહે અને બીજા સંકલ્પ ટળે. માટે જેને મૂર્તિનું સુખ વહેલું પામવું છે તેને પ્રેમે સહિત દિવસમાં પાંચવાર ભગવાનની માનસીપૂજા કરવી. માનસીપૂજામાં સંકલ્પ થાય તો ભગવાનની પ્રાર્થના કરવી અને પ્રેમથી ભગવાનમાં જોડાઈ જવું.

## ૫ આવાહન

માનસીપૂજા બાદ પોતાની આગળ પવિત્ર આસન પાથરી શ્રી ઠાકોરજીનાં મૂર્તિઓ પધરાવી આવાહન મંત્ર બોલવો.

### આવાહન મંત્ર

**उत्तिष्ठोत्तिष्ठ हे नाथ स्वामिनारायण प्रभो ।**
**धर्मसूनो दयासिन्धो स्वेषां श्रेयः परं कुरु ॥**
**आगच्छ भगवन् देव स्वस्थानात् परमेश्वर ।**
**अहं पूजां करिष्यामि सदा त्वं सम्मुखो भव ॥**

(હે નાથ, હે સ્વામિનારાયણ પ્રભુ, ધર્મદેવના પુત્ર, આપ જાગ્રત થાઓ અને હે દયાના સાગર, આપના આશ્રિત એવા અમારા પરમ મંગળને વિસ્તારો. હે ભગવન્, હે દેવ, આપ આપના અક્ષરધામમાંથી અહીં પધારો અને આપના સેવક - આ દીનદાસની સન્મુખ આ આસન ઉપર પ્રત્યક્ષ વિરાજમાન થાઓ. હે પરમેશ્વર, હું આપની સેવા પૂજા કરવાને ઈચ્છું છું તો આપ એ પૂજાપર્યન્ત મારી સન્મુખ જ વિરાજમાન રહો.)

માનસીપૂજામાં ભગવાનને જેવા વસ્ત્રાલંકાર ધરાવી શ્રી સ્વામિનારાયણ ગાદી ઉપર વિરાજમાન કર્યા છે તે જ પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન દયા કરી પ્રત્યક્ષ સેવાપૂજા અંગીકાર કરવા અહીં પધાર્યા છે તેવા ભાવ સાથે ભગવાનને નમસ્કાર કરવા.



## ૫ આવાહન



## ૬ માળા ફેરવવી

ભગવાન આસન ઉપર વિરાજમાન થયા બાદ ભગવાનને પ્રાર્થના કરવી. હે કૃપાનિધાન, કૃપા કરી આપ પધાર્યા એટલે આ સેવક ધન્ય ધન્ય અને ન્યાલ થઈ ગયો, હે સ્વામિન્, જેવી બની આવશે તેવી આપની સેવાપૂજા આ સેવક કરશે તે કૃપા કરી સ્વીકારજો, એમ પ્રાર્થના કરી ભગવાનની આગળ નૈવેદ્ય ધરવું. ત્યારબાદ પોતાના જીવાત્માને પુરુષોત્તમરૂપ માની ભગવાનની મૂર્તિમાં રહી અનાદિમુક્તની લટકે પ્રતિલોમપણે ધ્યાન કરતાં કરતાં ભગવાનમાં એકાગ્ર દૃષ્ટિ રાખી પ્રત્યેક મણકે ‘‘સ્વામિનારાયણ’’ મહામંત્રના ઉચ્ચારણપૂર્વક માળા ફેરવવી. (ઓછામાં ઓછી ત્રણ માળા તો ફેરવવી જ.)

## ૭ તપની માળા

ડાબા એક પગે ઊભા રહી જમણા પગને ડાબા પગના ઢીંચણ પર રાખી બન્ને હાથને ઊંચા રાખી ભગવાનની મૂર્તિમાં એકાગ્ર દૃષ્ટિ કરી માળા ફેરવવી. (ઓછામાં ઓછી એક માળા તો ફેરવવી જ.)



## ૬ માળા ફેરવવી



## ૭ તપની માળા





## ૮ પ્રદક્ષિણા

માળા ફેરવતાં ફેરવતાં ભગવાનને પ્રદક્ષિણા કરવી. (ઓછામાં ઓછી એક માળા તો ફેરવવી જ.) ભગવાનના સ્વરૂપને વિશે સર્વે તીર્થો રહ્યાં છે. માટે ભગવાનને પ્રદક્ષિણા કરવાથી સર્વ તીર્થોની યાત્રા થઈ જાય છે. વળી એ પ્રદક્ષિણા એક એક ડગલે અશ્વમેઘ યજ્ઞના ફળને આપે છે અને સર્વે પાપનો નાશ કરે છે.

પ્રદક્ષિણા દરમ્યાન એક કીર્તન અવશ્ય બોલવું.

## ૯ સાષ્ટાંગ દંડવત પ્રણામ

**पद्भ्यां कराभ्यां जानुभ्यामुरसा शिरसा दृशा ।**
**वचसा मनसा चेति प्रणामोऽष्टाङ्ग ईरितः ॥**

(૧) બે પગ, (૨) બે હાથ, (૩) બે ઢીંચણ, (૪) છાતી, (૫) મસ્તક, (૬) દૃષ્ટિ, (૭) વાણી, (૮) મન. પ્રથમના પાંચ અંગો પૃથ્વીને અડે તેમ જમીન પર લાકડીની જેમ પડી, દૃષ્ટિ ભગવાનના સ્વરૂપનાં જ દર્શન કરે, વાણી ભગવાનના સ્તોત્ર પ્રાર્થનાનું જ ઉચ્ચારણ કરે અને મન ભગવાનની સળંગ મૂર્તિનું જ ચિંતન - મનન કરે એ પ્રકારે આઠે અંગે સહિત ભગવાનને પ્રણામ કરવા. તેવા પ્રણામને સાષ્ટાંગ દંડવત પ્રણામ કહેલા છે.

નારી જાતિએ પંચાંગ પ્રણામ કરવા. (૧) બે હાથ, (૨) મસ્તક, (૩) દૃષ્ટિ, (૪) વાણી, (૫) મન.

## ૮ પ્રદક્ષિણા







૯ સાષ્ટાંગ દંડવત પ્રણામ

## ૧૦ નૈવેદ્ય



ભગવાનને નૈવેદ્ય ધરાવવું. આપણો થાળ ભગવાન દયા કરીને જમે છે ને આપણને પ્રસાદી આપે છે. એવો પ્રત્યક્ષભાવ કેળવી "જમો થાળ જીવન જાઉં વારી" એ થાળ બોલવો. ત્યારબાદ આરતી કરવી.



## ૧૧ પ્રાર્થના

હે મહારાજ, કુંડાપંથી, શક્તિપંથી, વેદાંતી અને નાસ્તિક આ ચારે પ્રકારના કુસંગ થકી મારી રક્ષા કરજો. આપનો વા આપના સંતહરિભક્તોનો દ્રોહ-અવગુણ-અપરાધ મન કર્મ વચને જાણે અજાણે થઈ ગયો હોય તે સર્વે માફ કરજો. આપને વિશે તથા આપના સંત-હરિભક્તને વિશે હંમેશાં દિવ્યભાવ રહે એવી મારા પર કૃપા કરજો. વગેરે વગેરે પ્રાર્થના કરવી.

## ૧૨ વિસર્જન મંત્ર

**स्वस्थानं गच्छ देवेश पूजामादाय मामकीम् ।**
**इष्टकामप्रसिद्ध्यर्थं पुनरागमनाय च ॥**

(હે અક્ષરાદિક દેવમાત્રના નિયામક શ્રીહરે, મારાથી જેવી બની આવી તે સેવાપૂજાને આપે બહુ મોટી માની સ્વીકાર કરી. હે પ્રભો, હવે આપના સ્થાન પ્રત્યે પધારો. હે નાથ, મારી ઈચ્છિત કામનાઓને પૂર્ણ કરવા આપ આજ રીતે પુનરપિ પધારજો.)

આ વિસર્જન મંત્ર બોલી ભગવાનનાં દર્શન કરી ભગવાનને પોઢાડવા.

*વિશેષ નોંધ :- આવાહન મંત્રથી માંડી વિસર્જન મંત્ર પર્યન્ત પૂજા કરતી વખતે મૌન રાખવું.*

## ૧૧ પ્રાર્થના






## ૧૨ વિસર્જન મંત્ર



## ૧૩ શિક્ષાપત્રીનો પાઠ

દરરોજ નિયમિતપણે શિક્ષાપત્રીના પાંચ શ્લોક તો અવશ્ય વાંચવા જ.

શ્રીજીમહારાજે ગઢડા અંત્ય પ્રકરણના પહેલા વચનામૃતમાં આજ્ઞા કરી છે જે, ‘‘અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈભાઈ સર્વ તેને નિત્ય કરવો. અને જેને ભણતાં (વાંચતાં) ન આવડતું હોય તેને નિત્યે શ્રવણ કરવું અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવી એવી રીતે અમે શિક્ષાપત્રીમાં જ લખ્યું છે. માટે એ ત્રણમાંથી જેને ફેર પડે તેને એક ઉપવાસ કરવો એમ અમારી આજ્ઞા છે.’’

વળી શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે કે :-

**वर्तिष्यन्ते य इत्थं हि पुरुषा योषितस्तथा ।**
**ते धर्मादिचतुर्वर्गसिद्धिं प्राप्स्यन्ति निश्चितम् ॥२०६॥**

અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચે પામશે.

વિશેષ નોંધ :- દિવસ દરમ્યાન રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ એક વચનામૃત તથા શ્રી અબજીબાપાશ્રીની વાતોમાંથી એક વાર્તા અવશ્ય વાંચવી જ.



## ૧૩ શિક્ષાપત્રીનો પાઠ





૧૪

કોઈ એક સમયે ગૃહમંદિરમાં પધરાવેલા શ્રી ઠાકોરજીને ધૂપ દીપ કરી આરતી કરવી અને અન્ય સભ્યોએ દર્શન કરવા.



૧૫



વડીલો-માતાપિતા તથા અન્ય સભ્યોને આદર સહિત
જય સ્વામિનારાયણ કહી યથાયોગ્ય નમસ્કાર કરવા.

**૧૬** સમય અને શરીર સ્વાસ્થ્યને અનુકૂળ નાના મોટા દરેક સભ્યોએ વ્યાયામ - વિવિધ આસનો, પ્રાણાયામ વગેરે અવશ્ય કરવું જ. **शरीरमाद्यं खलु धर्मसाधनम्** । શરીર એ ધર્મસંપાદન કરવા માટેનું પ્રથમ - મુખ્ય સાધન છે. વ્યાયામથી શરીરમાં દિવસ દરમ્યાન સ્ફૂર્તિ રહે છે.






## ૧૭ મંદિરે દર્શન કરવા જવું

પ્રથમ ભગવાને મનુષ્યરૂપે દર્શન આપ્યાં ને પછી સંકલ્પ કર્યો જે "હવે અમને પ્રતિમારૂપે દેખો." એટલે આજે તે જ શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રતિમારૂપે દર્શન આપે છે. માટે આજે પ્રતિમાસ્વરૂપનાં દર્શન કરવાં ત્યારે તેજના મધ્યે મહાપ્રભુજી વિરાજમાન છે એમ ધારી દર્શન કરવાં.

ચિદ્ઘન તેજમાં શોભી રહ્યા રે, શ્રીજી રાજાધિરાજ રે;
દિવ્ય સિંહાસન પર બિરાજે, મુક્તપતિ મહારાજ રે.

આવો દૃઢ વિશ્વાસ અને દિવ્યભાવ રાખી દર્શન કરવાં. ભગવાનનાં દર્શન કરીએ ત્યારે ભગવાન આશીર્વાદ આપે છે. 'રાખો રાખો' એમ કહે છે. એવા ભાવથી દર્શન કરવાં. નીચે નમી દર્શન કરીએ ત્યારે ભગવાન ઊભા છે તેમ નહિ પણ ભગવાને સિંહાસનમાંથી નીચે ઊતરી પાસે આવી માથે હાથ મૂક્યો, બાવડું ઝાલી ઊભો કરી મને ભેટી પડ્યા; એવા ભાવથી દર્શન કરવાં. ગદ્ગદ કંઠે રોમાંચિત ગાત્રે પ્રેમાશ્રુપૂર્ણ નયને ભગવાનને પ્રાર્થના કરવી. વળી 'વાહ ! ઘનશ્યામ પ્રભુ, વાહ ! કૃપાળુ ! કૃપા કરી મને ન્યાલ કર્યો.' આવા ભાવથી ભગવાન સાથે વાતો કરવી. વળી હસતાં હસાવતાં ભગવાન આપણને લાડ કરે છે; એમ પ્રેમભાવ તથા પ્રત્યક્ષભાવ કેળવી દર્શન કરવાં. આમ દર્શન કરતાં કરતાં દેહનું ભાન ભૂલી જવાય, પ્રેમમગ્ન થઈ જવાય ત્યારે દર્શન કર્યાં કહેવાય.

ભગવાનના નેત્રકમળમાં આપણાં નેત્ર મીલાવી બરાબર એક દૃષ્ટિએ રોમાંચિત ગાત્ર થઈ ભગવાનના સામું જોઈ રહેવું તે દર્શન કર્યાં કહેવાય. દર્શન કરતાં ભગવાન વિના બીજી વાત ન થાય, ભગવાનના જ ગુણ ગવાય. આવી રીતે દર્શન થાય તો દર્શન કર્યાં કહેવાય.

## ૧૭ મંદિરે દર્શન કરવા જવું







૧૭ ગાદીએ દર્શન કરવા જવું

**૧૮** દર્શન કરી ઘર પ્રત્યે આવી શ્રીહરિના સ્મરણે સહિત વિદ્યાર્થીઓએ પોતાનો અભ્યાસ કરવો અને અન્ય સભ્યોએ પોતપોતાના વ્યાવહારિક કાર્યનો આરંભ કરવો. દરેક ક્રિયામાં ભગવાનનું અખંડ સ્મરણ રહે તેવો પ્રયત્ન કરવો. મૂર્તિમાં રહીને દરેક ક્રિયા કરવી.

**૧૯** કોઈ કાર્ય નિમિત્તે ઘરમાંથી બહાર જવું ત્યારે માતા, પિતા કે વડીલને જય સ્વામિનારાયણ કહી અનુમતિ લઈને જવું. જેથી વિનય વિવેક સાથે પારસ્પરિક સ્નેહ કેળવાય. બહારથી આવવું ત્યારે પણ માતા, પિતા કે વડીલને જય સ્વામિનારાયણ કહેવા.



૧૮

૧૯



૨૦ રસોઈ તૈયાર થાય ત્યારે પ્રથમ ગૃહમંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ ધરાવવા. ઓછામાં ઓછું દિવસમાં એક વખત સવારે કે સાંજે ઘરના બધા જ સભ્યોએ સાથે બેસી સમૂહમાં ઠાકોરજીનો પ્રસાદ લેવો.

## ૨૧ કથાવાર્તા

સાયંકાળે મંદિરમાં અવશ્ય દર્શન કરવા જવું જ અને ત્યાં કથામાં હાજરી આપવી. જેમને પોતાના ગામમાં મંદિરનો યોગ ન હોય તેવા શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળના સભ્યોએ સાથે મળી નિયત કરેલ જગ્યાએ કથાવાર્તાદિ નિત્યનિયમ કરવા. અથવા તેવો પણ યોગ ન હોય તેમણે પોતાના ઘરના સર્વે સભ્યો સાથે મળી પોતાના ગૃહમંદિરે જ કથાવાર્તાદિ નિત્યનિયમ કરવા.



૨૦





૨૧ કથાવાર્તા



## ૨૨ નામામેળ તથા પ્રાર્થના

સૂતા પહેલાં દરેક સભ્યો વ્યક્તિગત ભગવાનનું ધ્યાન કરી ભગવાન પાસે નિખાલસ થઈ નામામેળ કરવો.

**નામામેળ :** દિવસ દરમ્યાન ભગવાનનું કેટલું સ્મરણ રહ્યું. કેટલો દેહભાવ ભુલાયો. દૈનિક આચારમાં પોતે કેટલા આગળ વધ્યા. ભગવાન સાથે પ્રત્યક્ષભાવ કેટલો કેળવાયો ઈત્યાદિક વિચાર કરવો. દિવસે દિવસે આગળ વધાય છે કે પછી હતા ત્યાંના ત્યાં જ છીએ; એ વિચાર કરવો અને જે ક્ષતિ હોય તે ટાળવા ભગવાન સમક્ષ એકરાર કરવો. પુરુષાતન રાખી ભગવાનને પ્રાર્થના કરવી.

## ૨૩ શયન

ભગવાનના સ્મરણે સહિત શયન કરવું. માળા ફેરવતાં, કીર્તન બોલતાં, મંદ સ્વરે ધૂન બોલતાં, વચનામૃત આદિ ધાર્મિક ગ્રન્થોનું વાંચન કરતાં, મૂર્તિનું ધ્યાન સ્મરણ કરતાં એ આદિક ભગવાન સંબંધી ક્રિયા કરતાં કરતાં મૂર્તિમાં લીન થઈ જવું.

卐

## ૨૨ નામામેળ તથા પ્રાર્થના

## ૨૩ શયન



## ૧૩ આંકનો મેળ

### એકનો આંક

- સર્વોપરી સર્વાવતારી પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ '**एकमेवाद्वितीयं ब्रह्म**' એક શ્રી સ્વામિનારાયણ ભગવાન.
  *સ્વામિનારાયણ ભગવાન, બીજો કોઈ નહિ;*
  *એના સર્વોપરિપણામાં, બીજી જોડ નહિ.*

- સર્વોપરી સર્વોત્કૃષ્ટ સનાતન અજોડ અનાદિ આત્યંતિક મોક્ષદાતા ગાદી તે એક શ્રી સ્વામિનારાયણ ગાદી.

- સર્વોપરી સર્વોત્કૃષ્ટ સર્વતીર્થશિરોમણિ ધામ.....
  એક શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર, અમદાવાદ-૮

### બે નો આંક

**સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી પાસે શ્રીજીમહારાજે માગેલાં બે વરદાન :** ૧. તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુ:ખ થવાનું હોય તો તે મુને એક એક રૂંવાડે કોટી કોટી વીંછીનું દુ:ખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ.
૨. તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે રામપત્તર મુને આવે પણ તમારા સત્સંગી અન્નવસ્ત્રે કરીને દુ:ખી ન થાય.



**મોક્ષમાં ગતિ કરવાને બે પાંખો :** ૧. આજ્ઞા, ૨. ઉપાસના.
**બે પ્રકારની સૃષ્ટિ :** ૧ સ્થાવર (જડ-અચર), ૨. જંગમ (ચેતન-ચર).
**બે પ્રકારની માયા :** ૧. જડ (દ્રવ્ય), ૨. ચેતન (સ્ત્રી).
**બે પ્રકારના જીવ :** ૧. દૈવી, ૨. આસુરી.
**બે પ્રકારની સમાધિ :** ૧. સવિકલ્પ, ૨. નિર્વિકલ્પ.
**બે પ્રકારના ભક્ત :** ૧. સકામ, ૨. નિષ્કામ.
**બે પ્રકારની પવિત્રતા :** ૧. બાહ્ય, ૨. આભ્યંતર.
**બે પ્રકારની આજ્ઞાઓ :** ૧. વિધિ, ૨. નિષેધ.
**બે પ્રકારનો યોગ :** ૧. રાજયોગ, ૨. હઠયોગ.
**બે પ્રકારના સંસ્કાર :** ૧. ગુણાધાન, ૨. દોષાપનયન.
**મોક્ષના બે માર્ગ :** ૧. ભક્તિ, ૨. જ્ઞાન.
**ભગવાનની પ્રસન્નતાના મુખ્ય બે ઉપાય :** ૧. ભક્તિ, ૨. પ્રપત્તિ (શરણાગતિ).
**ભગવાનને બે વાર્તા ગમે છે :** ૧. સાકાર સ્વરૂપની ઉપાસના, ૨. નિર્દંભપણે સાધન કરવાં.
**બે વાત યાદ રાખવી :** ૧. મરણ, ૨. ભગવાનનું સ્મરણ.
**બે વાત ભૂલી જવી :** ૧. પોતે કરેલો ઉપકાર, ૨. બીજાએ કરેલો અપકાર.
**બે અયન :** ૧. ઉત્તરાયન, ૨. દક્ષિણાયન.
**આત્માની બે ગતિ :** ૧. અર્ચિમાર્ગ, ૨. ધૂમ્રમાર્ગ.

## ત્રણનો આંક

**ઈશ્વરનાં ત્રણ શરીર :** ૧. વિરાટ, ૨. સૂત્રાત્મા, ૩. અવ્યાકૃત.
**મનુષ્યનાં ત્રણ શરીર :** ૧. સ્થૂલ, ૨. સૂક્ષ્મ, ૩. કારણ.
**ત્રણ અવસ્થા :** ૧. જાગ્રત, ૨. સ્વપ્ન, ૩. સુષુપ્તિ.
**ત્રણ ગુણ :** ૧.સત્ત્વગુણ, ૨.રજોગુણ, ૩. તમોગુણ.
**ત્રણ કાળ :** ૧. ભૂત, ૨. વર્તમાન, ૩. ભવિષ્ય.
**ત્રણ કર્મ :** ૧. સંચિત, ૨. પ્રારબ્ધ, ૩. ક્રિયમાણ.
**જગતની ત્રણ અવસ્થા :** ૧. ઉત્પત્તિ, ૨. સ્થિતિ, ૩. પ્રલય.
**મનુષ્યની ત્રણ અવસ્થા :** ૧. બાળ, ૨. યૌવન, ૩. વૃદ્ધ.
**ત્રણ નાડી :** ૧. ઈડા, ૨. પિંગળા, ૩. સુષુમ્ણા.
**ત્રણ તાપ :** ૧.અધ્યાત્મ, ૨.અધિભૂત, ૩. અધિદૈવ.
**ત્રણ દોષ :** ૧. વાત, ૨. પિત્ત, ૩. કફ.
**ત્રણ લોક :** ૧. મૃત્યુલોક, ૨. સ્વર્ગલોક, ૩. પાતાળલોક.
**ત્રણ પ્રકારનો આનંદ :** ૧. વિષયાનંદ, ૨. ભજનાનંદ, ૩. બ્રહ્માનંદ.
**ત્રણ ઈષણા :** ૧.વિત્તેષણા, ૨.લોકેષણા, ૩. પુત્રેષણા.
**ત્રણ શુદ્ધ રાખવા :** ૧.આચાર, ૨. વ્યવહાર, ૩.પ્રાયશ્ચિત્ત.
**ત્રણ પ્રકારનો વૈરાગ્ય :** ૧. ઉત્તમ, ૨. મધ્યમ, ૩. કનિષ્ઠ.
**ત્રણ તીર્થ :** ૧. માતા, ૨. પિતા, ૩. ગુરુ.
**સંપ્રદાયના ત્રણ મુખ્ય ગ્રન્થ :** ૧. શિક્ષાપત્રી, ૨. વચનામૃત, ૩. સત્સંગિજીવન.



**ત્યાગીના ત્રણ ગ્રન્થ :** ૧. શિક્ષાપત્રી, ૨. ધર્મામૃત, ૩. નિષ્કામશુદ્ધિ.
**ત્રણ વાનાં દૃઢ રાખવા :** ૧. નિયમ, ૨. નિશ્ચય, ૩. પક્ષ.
**ત્રણની પાસે ઠાલે હાથે ન જવું :** ૧. ગુરુ, ૨. દેવ, ૩. રાજા.
**કળિયુગમાં કલ્યાણકારી ત્રણ દકાર :** ૧. દાન, ૨. દમન, ૩. દયા.
**વધવાના ત્રણ ઉપાય :** ૧. ગુણ, ૨. વિનય, ૩. સેવા.
**ઘટવાનાં ત્રણ છિદ્ર :** ૧. હઠ, ૨. માન, ૩. ઈર્ષ્યા.
**ત્રણ મૂલ્યો :** ૧. સત્યમ્, ૨. શિવમ્, ૩. સુન્દરમ્.
**સાક્ષાત્કાર માટે ત્રણ ઉપાય :** ૧. શ્રવણ, ૨. મનન, ૩. નિદિધ્યાસ.
**મુક્તના ત્રણ પ્રકાર :** ૧. એકાંતિક, ૨. પરમેકાંતિક, ૩. અનાદિ.
**ધનની ત્રણ ગતિ :** ૧. દાન, ૨. ભોગ, ૩. નાશ.
**ત્રણ પ્રકારના દુ :ખ :** ૧. આધિ, ૨. વ્યાધિ, ૩. ઉપાધિ.
**ત્રણ પ્રકારના જીવ :** ૧. બદ્ધ, ૨. મુક્ત, ૩. નિત્ય મુક્ત.
**ત્રણ પ્રકારનો વાયુ :** ૧. મંદ, ૨. શીતલ, ૩. સુગંધ.
**ત્રણ પ્રકારનો સંવાદ :** ૧. વાદ, ૨. જલ્પ, ૩. વિતંડા.
**નરકનાં ત્રણ દ્વાર :** ૧. કામ, ૨. ક્રોધ, ૩. લોભ.
**ભગવાનનો આશરો કરવાથી ત્રણ વસ્તુ મળે :** ૧. અન્ન, ૨. વસ્ત્ર, ૩. આબરૂ.
**ત્રણ પ્રકારની સુરા :** ૧. ગૌડી (ગોળની), ૨. માધ્વી (મહુડાની), ૩. પૈષ્ટી (લોટની).

**ભગવાનનો આશરો કરવાથી ત્રણ વાનાં જાય :** ૧. ભૂખ, ૨. દુ :ખ, ૩. પાપ.

**ત્રણ કોઈની રાહ જોતા નથી :** ૧. સમય, ૨. મૃત્યુ, ૩. ઘડપણ.

**ત્રણ જણ ભૂખે ન મરે :** ૧. જીભનો મીઠો, ૨. કામનો કરનારો, ૩. પગનો મજબૂત.

**પ્રસ્થાનત્રયી :** ૧. ગીતા, ૨. ઉપનિષદ્, ૩. બ્રહ્મસૂત્ર.

**ત્રણથી બચવા પ્રયત્ન કરવો :** ૧. ખોટી સંગત, ૨. સ્વાર્થ, ૩. નિંદા.

**આશરાના ત્રણ પ્રકાર :** ૧. મૂઢપણું, ૨. પ્રીતિ, ૩. સમજણ.

**ગીતામાં ત્રણ યોગ :** ૧. કર્મ, ૨. જ્ઞાન, ૩. ભક્તિ.

**ત્રણ પ્રકારે સમાધિમાંથી પાછો આવે છે :** ૧. સંસારની વાસનાથી, ૨. અતિસમર્થ હોય તે પોતાની ઈચ્છાથી, ૩. પોતા કરતાં જે અતિસમર્થ હોય તે લાવે ત્યારે.

**ત્રણ ઉપર દયા કરવી :** ૧. બાળક, ૨. ભૂખ્યા, ૩. ગાંડા.

**ત્રણ વાત યાદ રાખો :** ૧. કમ ખાઓ, ૨. ગમ ખાઓ, ૩. નમ જાઓ.

**સંગ્રહ કરવા લાયક ત્રણ વસ્તુ :** ૧. સંતોષ, ૨. સન્મિત્રો, ૩. સચ્ચાઈ.

**ત્રણ વાનાં અતિ દુર્લભ છે :** ૧. મનુષ્યજન્મ, ૨. મુમુક્ષુતા, ૩. મોક્ષના દાતા સત્પુરુષની પ્રાપ્તિ.

**અસાર સંસારમાં ત્રણ સાર :** ૧. ભક્તિ, ૨. સત્સંગ, ૩. ગંગાસ્નાન.



**ત્રણ વાતમાં સુખ છે :** ૧. ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી, ૨. સંતનો સમાગમ, ૩. સદ્વિચાર.

**ત્રણ વાત મુખ્ય રાખવી :** ૧. આજ્ઞા, ૨. ઉપાસના, ૩. ભગવાનના ભક્ત સાથે મિત્રભાવ.

**ભગવાનના ભક્તે ત્રણ વાનાં કરવાં :** ૧. ભગવાનના ભક્ત સાથે હેત કરવું, ૨. દેહાભિમાન ટાળી આત્મનિષ્ઠા દૃઢ કરવી, ૩. કોઈ જીવને એના મોક્ષની વાત ખરેખરી સમજાવવી.

**ત્રણ 'વ' સારા રાખવા :** ૧. વિચાર, ૨. વાણી, ૩. વર્તન.

**જીવને બગડ્યાના ત્રણ હેતુ :** ૧. ધનનો પ્રસંગ, ૨. અધિકારની પદવી(પ્રાપ્તિ), ૩. મોટા શહેરનું સેવન.

**ત્રિમૂર્તિ :** ૧. બ્રહ્મા, ૨. વિષ્ણુ, ૩. શિવ.

**ત્રણ પ્રકારની ગોપીઓ :** ૧. મુગ્ધા, ૨. મધ્યા, ૩. પ્રૌઢા.

**આયુધના ત્રણ પ્રકાર :** ૧. ધાર, ૨. ધુબાકો, ૩. અણી.

**પશુજાતના ત્રણ પ્રકાર :** ૧. નોર, ૨. ખરી, ૩. ડાબલો.

**ધાન્યના ત્રણ પ્રકાર :** ૧. સિંગ, ૨. સરાડી, ૩. પોપટો.

**વાજિંત્રના ત્રણ પ્રકાર :** ૧. ઘા, ૨. વા, ૩. ઘસરકો.

**ત્રણ ઋણ :** ૧. પિતૃઋણ, ૨. દેવઋણ, ૩. ગુરુઋણ.

**ત્રણ પ્રકારનો જીવવર્ગ :** ૧. જળચર, ૨. થલચર, ૩. ખેચર.

**ત્રણ પ્રકારનો પ્રાણાયામ :** ૧. પૂરક, ૨. કુંભક, ૩. રેચક.

**ત્રણ પ્રમાણ :** ૧. પ્રત્યક્ષ, ૨. અનુમાન, ૩. શબ્દ.

**ત્રણ મકાર ભગવાને પોતા પાસે રાખ્યા છે :** ૧. મેઘ, ૨. મરણ, ૩. મોંઘવારી.

## ચારનો આંક

**ચાર વેદ :** ૧. ઋગ્વેદ, ૨. યજુર્વેદ, ૩. સામવેદ, ૪. અથર્વવેદ

**ચાર વેદનાં ચાર મહાવાક્યો :**
૧. **ऋक् - प्रज्ञानं ब्रह्म ।**
૨. **यजुः - अहं ब्रह्मास्मि ।**
૩. **साम - तत्त्वमसि ।**
૪. **अथर्व - अयमात्मा ब्रह्म ।**

**ચાર ઉપવેદ :** ૧. આયુર્વેદ, ૨. ધનુર્વેદ, ૩. ગાંધર્વવેદ, ૪. સ્થાપ્યવેદ.

**ચાર આશ્રમ :** ૧. બ્રહ્મચર્ય, ૨. ગૃહસ્થ, ૩. વાનપ્રસ્થ, ૪. સંન્યાસ.

**ચાર વર્ણ :** ૧. બ્રાહ્મણ, ૨. ક્ષત્રિય, ૩. વૈશ્ય, ૪. શુદ્ર.

**ચાર યુગ :** ૧. સત્યયુગ, ૨. ત્રેતાયુગ, ૩. દ્વાપરયુગ, ૪. કળિયુગ.

**ચાર પુરુષાર્થ :** ૧. ધર્મ, ૨. અર્થ, ૩. કામ, ૪. મોક્ષ.



**ચાર પ્રલય :** ૧. નિત્ય, ૨. નિમિત્ત, ૩. પ્રાકૃત, ૪. આત્યંતિક.

**ચાર ઉપાય :** ૧. સામ, ૨. દાન, ૩. દંડ, ૪. ભેદ.

**ચાર ખાણ :** ૧. જરાયુજ, ૨. અંડજ, ૩. ઉદ્‌ભિજ, ૪. સ્વેદજ.

**ચાર હઠ :** ૧. રાજહઠ, ૨. યોગીહઠ, ૩. બાળહઠ, ૪. સ્ત્રીહઠ.

**સત્સંગના ચાર પાયા :** ૧. ધર્મ, ૨. જ્ઞાન, ૩. વૈરાગ્ય, ૪. ભક્તિ.

**ચાર પ્રકારની મુક્તિ :** ૧. સાલોક્ય (ભગવાનના લોકને પામવું), ૨. સામીપ્ય (ભગવાનની સમીપમાં રહેવું), ૩. સાયુજ્ય (ભગવાનના સરખું ઐશ્વર્ય પામવું), ૪. સારૂપ્ય (ભગવાનના સરખું રૂપ પામવું).

**ચાર નિષ્ઠા :** ૧. ભક્તિનિષ્ઠા, ૨. સ્વરૂપનિષ્ઠા, ૩. આત્મનિષ્ઠા ૪. ત્યાગનિષ્ઠા.

**ચાર પ્રકારના ભક્તને મૃત્યુનો ભય ટળી જાયઃ** ૧. વિશ્વાસી, ૨. જ્ઞાની, ૩. શૂરવીર, ૪. પ્રીતિવાળો.

**ચાર પ્રકારના જીવ :** ૧. મુક્ત, ૨. મુમુક્ષુ, ૩. વિષયી, ૪. પામર.

| | |
|---|---|
| **ચાર સાથે ભગવાનને ન બને :** | ૧. ક્રોધી, ૨. ઈર્ષાળુ, ૩. કપટી, ૪. માની. |
| **ચાર પ્રકારના કુસંગ :** | ૧. કુંડાપંથી, ૨. શક્તિપંથી, ૩. શુષ્કવેદાંતી, ૪. નાસ્તિક. |
| **ધર્મના ચાર પાદઃ** | ૧. તપ, ૨. સત્ય, ૩. દયા, ૪. પવિત્રતા. |
| **ચાર પ્રકારના ભક્ત :** | ૧. આર્ત (દુઃખી), ૨. જિજ્ઞાસુ(જાણવાની ઈચ્છાવાળો), ૩. અર્થાર્થી (સંપત્તિની ઈચ્છાવાળો), ૪. જ્ઞાની (ભગવાનના જ્ઞાનવાળો). |
| **ચાર અંતઃકરણ :** | ૧. મન, ૨. બુદ્ધિ, ૩. ચિત્ત, ૪. અહંકાર. |
| **ચાર અંતઃકરણના ચાર દેવ :** | ૧. ચંદ્રમા, ૨. બ્રહ્મા, ૩. વાસુદેવ, ૪. રુદ્ર. |
| **ચાર પ્રકારનાં ભોજન :** | ૧. ભક્ષ્ય, ૨. ભોજ્ય, ૩. લેહ્ય, ૪. ચોષ્ય. |
| **ચાર પ્રકારનું ધ્યાન :** | ૧. સાંગ, ૨. ઉપાંગ, ૩. સલીલ, ૪. સપાર્ષદ. |
| **ચાર પ્રકારના મુક્ત (સંત) :** | ૧. દીવા જેવા, ૨. મશાલ જેવા, ૩. વીજળી જેવા, ૪. વડવાનલ જેવા. |
| **ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવાના ચાર ઉપાય :** | ૧. ચિત્તાનો ચોટવાનો સ્વભાવ, ૨. શૂરવીરપણું, ૩. ભય, ૪. વૈરાગ્ય. |



| | |
|---|---|
| **ભગવાનની મૂર્તિ ધારવામાં નડતાં ચાર વિઘ્નો :** | ૧. લય, ૨. વિક્ષેપ, ૩. કષાય, ૪. રસાસ્વાદ. |
| **વૃત્તિ પ્રતિલોમ કરવામાં ચાર વિઘ્ન :** | ૧. સ્ત્રી, ૨. દ્રવ્ય, ૩. આલોકની મોટાઈ, ૪. ક્રિયા. |
| **ચાર ઘાંટી :** | ૧. નરના રૂપમાં રહેલા નારાયણને ઓળખવા, ૨. સાધન દશાવાળા અને સિદ્ધ દશાવાળા સત્પુરુષને ઓળખવા, ૩. દેહ અને આત્માની ચોખ્ખી વિક્તિ સમજવી, ૪. જગતસંબંધી પંચ વિષયમાંથી રાગ ટાળી ભગવાનમાં જોડાવું. |
| **ઉપાસનાના ચાર પાયાઃ** | ૧. શ્રી સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી સર્વાવતારી જાણવા. ૨. શ્રી સ્વામિનારાયણ ભગવાનને દ્વિભુજ દિવ્ય સદા સાકારમૂર્તિ જાણવા. ૩. શ્રી સ્વામિનારાયણ ભગવાનને સદા પ્રગટ અને પ્રત્યક્ષ જાણવા. ૪. શ્રી સ્વામિનારાયણ ભગવાનને સર્વાન્તર્યામી જાણી તેમની નાની મોટી સર્વ આજ્ઞાઓ શિર સાટે પાળવી. |
| **ચારને દેવ તુલ્ય માનવા :** | ૧. માતા, ૨. પિતા, ૩. ગુરુ, ૪. અતિથિ. |

**ચારની સેવા કરવી :** ૧.માતા, ૨. પિતા, ૩. ગુરુ, ૪.રોગી.

**સંતની પાસે ચાર જણની પેઠે માનનો ત્યાગ કરી દીનભાવે વર્તવું :** ૧. સ્નેહાતુર, ૨. ભયાતુર, ૩. રોગાતુર, ૪. ક્ષુધાતુર.

**અનર્થના ચાર કારણ :** ૧. સંપત્તિ, ૨. યૌવન, ૩. અધિકાર, ૪. અવિવેક.

**ચાર શાસ્ત્રે કરી ભગવાનને જાણે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય :** ૧. સાંખ્ય, ૨. યોગ, ૩. વેદાંત, ૪. પંચરાત્ર.

**પરોક્ષનાં ચાર ધામ :** ૧. બદરીનારાયણ (ઉત્તરે), ૨. રામેશ્વર (દક્ષિણે), ૩. જગન્નાથ (પૂર્વે), ૪. દ્વારિકા (પશ્ચિમે).

**પાતંજલ યોગસૂત્રનાં ચાર પાદ :** ૧. સમાધિપાદ, ૨. સાધનાપાદ, ૩. વિભૂતિપાદ, ૪. કૈવલ્યપાદ.

**ચારના પ્રત્યે ચાર પ્રકારની ભાવના કેળવવાથી સુખી રહેવાય :** ૧. સુખી સાથે મૈત્રી, ૨. દુઃખીના પ્રત્યે કરુણા, ૩. પુણ્યશાળીને જોઈ હર્ષ પામવો (પણ ઈર્ષ્યા ન કરવી), ૪. પાપી પ્રત્યે ઉપેક્ષા.

**ચતુરંગી સેના :** ૧. હાથીદળ, ૨. અશ્વદળ, ૩. રથદળ, ૪. પાયદળ.

**વિષ્ણુનાં ચાર આયુધ :** ૧. શંખ, ૨. ચક્ર, ૩. ગદા, ૪. પદ્મ.



**ચાર ઠેકાણે વિષયખંડનઃ** ૧. અક્ષરધામમાં, ૨. શ્વેતદ્વીપમાં, ૩. બદરિકાશ્રમમાં, ૪. આ લોકમાં મોટા સત્પુરુષ પાસે.

**ચાર વસ્તુ પાછી ફરતી નથી :** ૧. બોલેલો બોલ, ૨. ફેંકેલું તીર, ૩. વીતેલો સમય, ૪. ગુમાવેલી તક.

**ચતુર્વ્યૂહ :** ૧. વાસુદેવ, ૨. સંકર્ષણ, ૩. પ્રદ્યુમ્ન, ૪. અનિરુદ્ધ.

**ચાર વાણી :** ૧. પરા, ૨. પશ્યન્તી, ૩. મધ્યમા, ૪. વૈખરી.

**ચાર પ્રકારના પરમહંસ :** ૧. કુટીચક, ૨. બહુદક, ૩. હંસ, ૪. પરમહંસ.

**તીર્થરૂપ ચાર સરોવર :** ૧. માનસરોવર, ૨. પંપા સરોવર, ૩. બિન્દુસરોવર, ૪.નારાયણસરોવર.

**ધનના ચાર ભાગિયા :** ૧.ધર્મ, ૨. અગ્નિ, ૩. રાજા, ૪. ચોર.

**અનુબન્ધ ચતુષ્ટય :** ૧. અધિકારી, ૨. વિષય, ૩. સંબંધ, ૪. પ્રયોજન.

**સાધન ચતુષ્ટય :** ૧. **नित्यानित्यवस्तुविवेकः ।** ૨. **शमदमसाधनषट्संपत्तिः ।** ૩. **इहामुत्रफलभोगविरागः ।** ૪. **मुमुक्षुत्वम् ।**

**શ્રીજીમહારાજ ચાર સ્વરૂપે થયા :** ૧. પ્રતિમા, ૨. સચ્છાસ્ત્ર, ૩. સંત, ૪. આચાર્ય.

**સનકાદિક ચાર બ્રહ્માના માનસપુત્ર :** ૧. સનક, ૨. સનંદન, ૩. સનાતન, ૪. સનત્કુમાર.

## પાંચનો આંક

**પંચ મહાપાપ :**

ब्रह्महा मद्यपः स्तेनस्तथैव गुरुतल्पगः ।
एते महापातकिनस्तत्संसर्गी च पञ्चमः ॥

૧. બ્રહ્મહત્યા, ૨. મદ્યપાન, ૩. સુવર્ણની ચોરી, ૪. ગુરુસ્ત્રીનો સંગ, ૫. આ ચારનો સંસર્ગ.

**પાંચ તત્ત્વ અનાદિ :** ૧. જીવ, ૨. માયા, ૩. ઈશ્વર, ૪. બ્રહ્મ, ૫. પરબ્રહ્મ.

**પંચ વિષય અથવા પંચ તન્માત્રા :** ૧. શબ્દ, ૨. સ્પર્શ, ૩. રૂપ, ૪. રસ, ૫. ગંધ.

**પંચ ભૂત :** ૧. પૃથ્વી, ૨. જળ, ૩. તેજ, ૪. વાયુ, ૫. આકાશ.

**પાંચ જ્ઞાનેન્દ્રિયો :** ૧. શ્રોત્ર, ૨. ત્વક્, ૩. ચક્ષુ, ૪. રસના, ૫. ઘ્રાણ.

**પાંચ કર્મેન્દ્રિય :** ૧. વાક્, ૨. પાણિ, ૩. પાદ, ૪. પાયુ, ૫. ઉપસ્થ.

**પાંચ પ્રાણ :** ૧. પાન, ૨. અપાન, ૩. સમાન, ૪. વ્યાન, ૫. ઉદાન.

**પાંચ ઉપપ્રાણ :** ૧. નાગ, ૨. કૂર્મ, ૩. કૃકલ, ૪. દેવદત્ત, ૫. ધનંજય.



**ગૃહસ્થનાં પાંચ વર્તમાન :** ૧. દારૂ, ૨. માટી, ૩. ચોરી, ૪. અવેરી, ૫. વટલવું નહિ અને વટલાવવું નહિ.

**ત્યાગીનાં પાંચ વર્તમાન :** ૧. નિષ્કામ, ૨. નિર્લોભ, ૩. નિર્માન, ૪. નિઃસ્વાદ, ૫. નિઃસ્નેહ.

**પાંચ આરતી :** ૧. મંગળા, ૨. શૃંગાર, ૩. રાજભોગ, ૪. સંધ્યા, ૫. શયન.

**પાંચ માનસીપૂજા :** ૧. પ્રાતઃકાળની, ૨. રાજભોગની, ૩. ઉત્થાપનની, ૪. સાયં સંધ્યાની, ૫. શયનની (પોઢણિયાની).

**પાંચ પ્રકારના જીવ :** ૧. ભજે અને ભજાવે, ૨. એકલો ભજે, ૩. સારાની ઓથે ભજે, ૪. ભજે જ નહિ, ૫. ભજવા દે નહિ.

**પંચામૃત :** ૧. દૂધ, ૨. દહીં, ૩. ઘી, ૪. મધ, ૫. સાકર.

**પંચ દેવતા :** ૧. વિષ્ણુ, ૨. શિવ, ૩. ગણપતિ, ૪. પાર્વતી, ૫. સૂર્ય.

**પંચ ગવ્ય :** ગાયનું - ૧. મૂત્ર, ૨. છાણ, ૩. દૂધ, ૪. દહીં, ૫. ઘી.

**પંચ પાત્ર :** ૧. લોટો, ૨. પ્યાલો, ૩. તરભાણું, ૪. આચમની, ૫. અર્ઘ્યપાત્ર.

**પાંચ ગુરુ :** ૧. માતાપિતા, ૨. સંસ્કાર આપનાર, ૩. વિદ્યા આપનાર, ૪. અભયદાન આપનાર, ૫. ભગવાન.

**પાંચ હવિષ્યાન્ન :** ૧. ડાંગર, ૨. જવ, ૩. તલ, ૪. નિવાર, ૫. સામો.

**પાંચ સુગંધ :** ૧. કેશર, ૨. અગર, ૩. કપૂર, ૪. કસ્તૂરી, ૫. ચંદન.

**પાંચ અતિ પવિત્ર :** ૧. દૂધ, ૨. ગંગાજળ, ૩. મધ, ૪. રેશમ, ૫. પીપળો.

**પંચ કર્મ કરવાં :** ૧. ભગવાનની પૂજા, ૨. પિતૃતર્પણ, ૩. અતિથિપૂજા, ૪. માતાપિતાની સેવા, ૫. આપ્તવર્ગની સંભાવના.

**પાંચ ઝેર જેવાં :** ૧. પાપનો પૈસો, ૨. થાપણનો પૈસો, ૩. બીજાના ભાગનો પૈસો, ૪. દીકરીનો પૈસો, ૫. ભગવાનના ભાગનો પૈસો.

**પાંચ યમ :** ૧. અહિંસા, ૨. સત્ય, ૩. અસ્તેય, ૪. બ્રહ્મચર્ય, ૫. અપરિગ્રહ.

**પાંચ નિયમ :** ૧. શૌચ, ૨. સન્તોષ, ૩. તપ, ૪. સ્વાધ્યાય, ૫. ઈશ્વરપ્રણિધાન.

**પંચાંગ :** ૧. તિથિ, ૨. વાર, ૩. નક્ષત્ર, ૪. યોગ, ૫. કરણ.

**પંચ કેશ :** ૧. મસ્તકના, ૨. દાઢીમૂછના, ૩. ને ૪. બે બગલના, ૫. ગુહ્યેન્દ્રિયના.

**પંચ કોષ :** ૧. અન્નમય, ૨. પ્રાણમય, ૩. મનોમય, ૪. વિજ્ઞાનમય, ૫. આનંદમય.



**પંચ બાણ**

**કામદેવનાં પાંચ બાણ :** ૧. અરવિંદ, ૨. અશોક, ૩. નવમાલિકા, ૪. આંબામોર, ૫. નીલોત્પલ.

**પંચ મકાર - વામમાર્ગીઓના**

**પંચ મકાર :** ૧. મદ્ય, ૨. માંસ, ૩. મત્સ્ય, ૪. મુદ્રા, ૫. મૈથુન.

**પંચ મહાકાવ્યો :** ૧. રઘુવંશ, ૨. કુમારસંભવ, ૩. કિરાતાર્જુનીય, ૪. શિશુપાલવધ, ૫. નૈષધીયચરિત.

**પંચ મહાયજ્ઞ :** ૧. દેવયજ્ઞ, ૨. પિતૃયજ્ઞ, ૩. ભૂતયજ્ઞ, ૪. બ્રહ્મયજ્ઞ, ૫. નૃયજ્ઞ.

**પંચાગ્નિ :** ૧. ગાર્હપત્ય, ૨. આહ્વનીય, ૩. દક્ષિણ, ૪. સભ્ય, ૫. આવસથ્ય **અથવા** ચાર બાજુ ચાર ધૂણીનો અને પાંચમો માથે સૂર્યનો તાપ.

**પંચાવયવ - ન્યાયશાસ્ત્રમાં પાંચ**

**અવયવવાળું વાક્ય :** ૧. પ્રતિજ્ઞા, ૨. હેતુ, ૩. ઉદાહરણ, ૪. ઉપનય, ૫. નિગમન.

**પાંચ સ્થાન બાંધવાં :** ૧. નિશાળ, ૨. દવાખાનું, ૩. પુસ્તકાલય, ૪. ધર્મશાળા, ૫. દેવમંદિર.

**પાંચ વાતનું અનુસંધાન**

**રાખવું :** ૧. ક્યાંથી આવ્યા છીએ ? ૨. ક્યાં જવું છે ? ૩. શું કરવાનું છે ? ૪. શું કર્યું છે ? ૫. કેટલું બાકી છે ?

**પાંચ પાપનાં સ્થાન :** ૧. ખાંડણિયો, ૨. ઘંટી, ૩. ચૂલો, ૪. સાવરણી, ૫. પાણિયારું.

**પાંચ પ્રકારે વેર થાય :** ૧. સ્ત્રીકૃત, ૨. વસ્તુથી, ૩. વાણીથી, ૪. જાતિથી, ૫. અપરાધજન્ય.

**પાંચ પ્રકારે સિદ્ધિ મળે :** ૧. જન્મથી, ૨. ઔષધિથી, ૩. મંત્રથી, ૪. તપથી, ૫. સમાધિથી.

**પાંચ વકાર વિના મનુષ્ય ગૌરવ પામતો નથી :** ૧. વિદ્યા, ૨. વિવેક, ૩. વાણી, ૪. વસ્ત્ર, ૫. વિનય.

**પાંચ પ્રકારે 'ના' સમજવી :** ૧. વસ્તુ માગીએ ને ન બોલે, ૨. ઝાઝી વાર લગાડે, ૩. પરિયાણ કરે, ૪. પૃથ્વી સામું નીચું જુએ, ૫. બીજા સાથે વાત કરવા લાગે.

**બ્રહ્મચર્યપાલનના પાંચ ઉપાય :** ૧. શ્રમ, ૨. સંયમ, ૩. સદાચાર, ૪. સ્વાધ્યાય, ૫. સેવાયુક્ત જીવન.

**જીવનનિર્વાહમાં પાંચ વાનાં જોઈએ :** ૧. અન્ન, ૨. જળ, ૩. વસ્ત્ર, ૪. નિદ્રા, ૫. સ્વાદ મધ્યે મીઠું.

**પાંચ આંગળી :** ૧. અંગુષ્ઠ, ૨. તર્જની, ૩. મધ્યમા, ૪. અનામિકા, ૫. કનિષ્ઠિકા.

**પાંચ પાંડવ :** ૧. યુધિષ્ઠિર, ૨. ભીમ, ૩. અર્જુન, ૪. નકુલ, ૫. સહદેવ.



## છનો આંક

**વૈભવની ઈચ્છાવાળાએ છ દોષનો ત્યાગ કરવો :**

**षड् दोषाः पुरुषेणेह हातव्या भूतिमिच्छता ।**
**निद्रा तन्द्रा भयं क्रोध आलस्यं दीर्घसूत्रता ॥**

૧. નિદ્રા, ૨. તન્દ્રા, ૩. ભય, ૪. ક્રોધ, ૫. આળસ, ૬. દીર્ઘસૂત્રીપણું.

**ષડૂર્મિ :**

**बुभुक्षा च पिपासा च प्राणस्य मनसः स्मृतौ ।**
**शोकमोहौ शरीरस्य जरामृत्यू षडूर्मयः ॥**

૧. ક્ષુધા, ૨. પિપાસા, ૩. શોક, ૪. મોહ, ૫. જરા (ઘડપણ), ૬. મૃત્યુ.

**પરમાત્માના છ મહાગુણો :**

**सर्वज्ञता तृप्तिरनादिबोधः स्वतन्त्रता नित्यमलुप्तदृष्टिः ।**
**अनन्तशक्तिश्च विभोर्विभुज्ञा षडाहुरङ्गानि महेश्वरस्य ॥**

૧. સર્વજ્ઞતા, ૨. તૃપ્તિ, ૩. અનાદિબોધ, ૪. સ્વતન્ત્રતા, ૫. નિત્ય અલુપ્તદષ્ટિ, ૬. અનન્તશક્તિ.
(આ છ વિભુ - પરમાત્માના મહાગુણો છે.)

**ષટ્ ચક્ર :**

**मूलाधारं स्वाधिष्ठानं मणिपूरमनाहतम् ।**
**विशुद्धिराज्ञाचक्रं च षट् चक्राणि विदुर्बुधाः ॥**

૧. મૂલાધાર (ગુદાને વિશે), ૨. સ્વાધિષ્ઠાન (લિંગને વિશે), ૩. મણિપુર (નાભિકંદને વિશે), ૪. અનાહત (હૃદયને વિશે), ૫. વિશુદ્ધિ (કંઠને વિશે), ૬. આજ્ઞાચક્ર (બે ભ્રૂકુટીના મધ્યમાં).

**વેદનાં છ અંગ :** ૧. શિક્ષા, ૨. કલ્પ, ૩. વ્યાકરણ, ૪. છંદ, ૫. જ્યોતિષ, ૬. નિરુક્ત.

**ષટ્ શાસ્ત્ર (ષડ્ દર્શન) :** ૧. ન્યાય, ૨. વૈશેષિક, ૩. સાંખ્ય, ૪. યોગ, ૫. પૂર્વમીમાંસા, ૬. ઉત્તરમીમાંસા (વેદાંત).

**ષડ્ રસ :** ૧. મીઠો, ૨. ખાટો, ૩. ખારો, ૪. તીખો, ૫. તૂરો, ૬. કડવો.

**ષડૈશ્વર્ય :** ૧. જ્ઞાન, ૨. શક્તિ, ૩. બળ, ૪. ઐશ્વર્ય, ૫. વીર્ય, ૬. તેજ.

**ઈશ્વરના છ ગુણ :** ૧. ઉત્પત્તિ, ૨. પ્રલય, ૩. જીવોનું જવું, ૪. જીવોનું આવવું, ૫. વિદ્યા, ૬. અવિદ્યા.

**ઈશ્વરના છ ગુણ :** ૧. ધર્મ, ૨. યશ, ૩. વીર્ય, ૪. શ્રી, ૫. જ્ઞાન, ૬. વૈરાગ્ય.

**છ ગ્રંથિ :** ૧. અહંતા, ૨. મમતા, ૩. મૈથુન, ૪. શાસ્ત્ર, ૫. હૃદય, ૬. સંશય.

**રાજ્યના છ ગુણ :** ૧. સંધિ, ૨. વિગ્રહ, ૩. યાન, ૪. દ્વૈધીભાવ, ૫. સમાશ્રય, ૬. આસન.

**બ્રાહ્મણનાં છ કર્મ :** ૧. અધ્યયન, ૨. અધ્યાપન, ૩. દાન, ૪. પ્રતિગ્રહ, ૫. યજન (યજ્ઞ કરવો), ૬. યાજન (યજ્ઞ કરાવવો).

**યોગનાં છ કર્મ :** ૧. ધૌતી, ૨. બસ્તી, ૩. નેતી, ૪. નૌલી, ૫. ત્રાટક, ૬. કપાલભાતી.



**તાંત્રિક છ કર્મ (અભિચાર) :** ૧. જારણ (વશીકરણ), ૨. મારણ, ૩. ઉચ્ચાટન, ૪. મોહન, ૫. સ્તંભન, ૬. વિધ્વંસન.

**ષટ્ સંપત્તિ :** ૧. શમ, ૨. દમ, ૩. ઉપરતિ, ૪. તિતિક્ષા, ૫. શ્રદ્ધા, ૬. સમાધાન.

**છ ઋતુ :** ૧. વસંત, ૨. ગ્રીષ્મ, ૩. વર્ષા, ૪. શરદ, ૫. હેમંત, ૬. શિશિર.

**છ ભાવવિકાર** ૧. **जायते** - જન્મે છે, ૨. **अस्ति** - હોય છે, ૩. **वर्धते** - વધે છે, ૪. **परिणमते** - પરિણામ પામે છે, ૫. **अपक्षीयते** - ઘટે છે, ૬. **नश्यति** - નાશ પામે છે.

**ષડ્ રિપુ :** ૧. કામ, ૨. ક્રોધ, ૩. લોભ, ૪. મોહ, ૫. મદ, ૬. મત્સર.

**છ પ્રકારનો ધર્મ :** ૧. વર્ણધર્મ, ૨. આશ્રમધર્મ, ૩. વર્ણાશ્રમધર્મ, ૪. ગુણધર્મ, ૫. નિમિત્તધર્મ, ૬. સાધારણધર્મ.

**છ વાનાં જેને હોય તેને જીવતે કે મરીને સુખ ન થાય :** ૧. દ્રવ્યાદિકનો લોભ, ૨. સ્ત્રીને વિષે બેઠા ઊઠ્યાની વાસના, ૩. રસને વિષે જીહ્વાની આસક્તિ, ૪. દેહાભિમાન, ૫. કુસંગીમાં હેત, ૬. સમ્બન્ધીમાં હેત.

**છની નિંદા ન કરવી :** ૧. દેવતા, ૨. તીર્થ, ૩. વિપ્ર, ૪. પતિવ્રતા, ૫. સંત, ૬. વેદ.

## સાતનો આંક

**સપ્ત પુરી :**

**अयोध्या मथुरा माया काशी काञ्ची ह्यवन्तिका ।**
**पुरी द्वारावती चैव सप्तैता मोक्षदायिकाः ॥**

૧. અયોધ્યા, ૨. મથુરા, ૩. માયા (હરિદ્વાર), ૪. કાશી, ૫. કાંચી, ૬. અવંતિકા (ઉજ્જયિની), ૭. દ્વારિકા.

**સપ્ત ચિરંજીવી :**

**अश्वत्थामा बलिर्व्यासो हनुमांश्च विभीषणः ।**
**कृपः परशुरामश्च सप्तैते चिरजीविनः ॥**

૧. અશ્વત્થામા, ૨. બલિ, ૩. વ્યાસ, ૪. હનુમાન, ૫. વિભીષણ, ૬. કૃપાચાર્ય, ૭. પરશુરામ. (માર્કંડેય આઠમા ગણાય છે.)

**સપ્ત ઋષિ :**

**मरीचिरङ्गिरा अत्रि पुलस्त्यः पुलहः क्रतुः ।**
**वसिष्ठश्चेति सप्तैते ज्ञेयाश्चित्रशिखण्डिनः ॥**

૧. મરીચિ, ૨. અંગિરા, ૩. અત્રિ, ૪. પુલસ્ત્ય, ૫. પુલહ, ૬. ક્રતુ, ૭. વસિષ્ઠ.

**સંસારનાં સાત સુખ :**

*આરોગ્યતા ઉદ્યમ હોય સારો, સતી સુનારી સુત સેવનારો;*
*કુટુંબમાં સંપ સુમિત્ર ગેહ, સંસારમાં છે સુખ સાત તેહ.*

૧. આરોગ્યતા, ૨. સારો ધંધો, ૩. સુભાર્યા, ૪. સુપુત્ર, ૫. કુટુંબમાં સંપ, ૬. સુમિત્ર, ૭. સારું ઘર.



**સંસારનાં સાત દુઃખ :**

*વ્યાધિ ઉપાધિ ઋણ હોય માથે, કુભારજા કલેશ કુટુંબ સાથે;*
*કુપુત્ર કે હોય કુમિત્ર સંગ, તે દુઃખનાં સાત ગણાય અંગ.*

૧. વ્યાધિ, ૨. ઉપાધિ, ૩. કરજ, ૪. કુભાર્યા, ૫. કુટુંબમાં કલેશ, ૬. કુપુત્ર, ૭. કુમિત્ર.

**મૃત્યુલોકના સપ્ત દ્વીપ :** ૧. જંબુ, ૨. પ્લક્ષ, ૩. શાલ્મલિ, ૪. કુશ, ૫. કૌંચ, ૬. શાક, ૭. પુષ્કર.

**સપ્ત દ્વીપની ફરતા રહેલા**

**સપ્ત સાગર :** ૧. લવણ, ૨. ઈક્ષુ, ૩. સુરા, ૪. ઘૃત, ૫. ક્ષીર, ૬. દધિ, ૭. સુધા.

**સપ્ત સ્વર :** ૧. ષડ્જ, ૨. ઋષભ, ૩. ગાંધાર, ૪. મધ્યમ, ૫. પંચમ, ૬. ધૈવત, ૭. નિષાદ.

**રાજ્યનાં સાત અંગ :** ૧. સ્વામી, ૨. અમાત્ય, ૩. દુર્ગ, ૪. સુહૃદ, ૫. કોષ, ૬. રાષ્ટ્ર, ૭. સૈન્ય.

**સપ્ત ધાતુ (શરીરની) :** ૧. રસ, ૨. રક્ત, ૩. માંસ, ૪. મેદ, ૫. અસ્થિ, ૬. મજ્જા, ૭. શુક્ર.

**સપ્ત ભૂમિકા :** ૧. શુભેચ્છા - મોક્ષની ઈચ્છા તે, ૨. વિચારણા - દેહ અને આત્માનો વિચાર, ૩. તનુમાનસા - અશુભ સંકલ્પની નિવૃત્તિ, ૪. સત્તાપતિ - આત્માકારે વૃત્તિ, ૫. અશંકસક્તિ - સંશય રહિત અને માહાત્મ્યે સહિત ભગવાનના સ્વરૂપનું જ્ઞાન, પણ ઐશ્વર્યમાં રાગ, ૬. પદાર્થાભાવિની - ઐશ્વર્યરૂપ પદાર્થની ભાવના ટાળી પોતાના આત્માની શ્રીજીમહારાજના તેજ સાથે એકતા, ૭. તુર્યગા -

પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન અને તેને વિશે શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર.

**સાયં પ્રાર્થનામાં સદ્‌ગુરુ શ્રી પ્રેમાનંદ સ્વામીએ શ્રીજીમહારાજ પાસે માગેલાં સાત વરદાન :**

૧. શ્રી સ્વામિનારાયણ ભગવાન એક જ સર્વોપરી સર્વાવતારી પરબ્રહ્મ પરમાત્મા છે એવો નિર્વિકલ્પ અતિ ઉત્તમ નિશ્ચય થાય. ૨. માહાત્મ્ય જ્ઞાને સહિત એકાંતિકી ભક્તિ આવે. ૩. ભક્તપણામાં કોઈ પ્રકારનો દોષ ન રહે. ૪. ભગવાનનો અને ભગવાનના ભક્તનો ક્યારેય દ્રોહ ન થાય, ૫. એકાંતિક ભક્તનો સમાગમ રહે. ૬. ભગવાનનું નિરંતર દર્શન થાય. ૭. સદા ભગવાનની પાસે રહેવાય.

**જીવને માથે સાત દંડ :** ૧. જમપુરી, ૨. લખચોરાસી, ૩. ગર્ભવાસ, ૪. કાળ, ૫. કર્મ, ૬. માયા, ૭. સ્વભાવ.

**સપ્ત પાતાલ :** ૧. અતલ, ૨. વિતલ, ૩. સુતલ, ૪. રસાતલ, ૫. તલાતલ, ૬. મહાતલ, ૭. પાતાલ.

**સપ્ત ભુવન (લોક) :** ૧. ભૂ, ૨. ભૂવર્, ૩. સ્વર્, ૪. મહર્, ૫. તપ, ૬. જન, ૭. સત્ય.

(સપ્ત પાતાલ તથા સપ્ત ભુવન સાથે મળી ચૌદ લોક કહેવાય.)



## આઠનો આંક

**અષ્ટ સૌભાગ્ય :** ૧. સેંથામાં સિંદૂર, ૨. કપાળમાં ચાંદલો, ૩. આંખમાં કાજળ, ૪. નાકમાં વાળી, ૫. કાનમાં કાંઈક ઘરેણું, ૬. કોટમાં કીડિયાસેર - કંઠી, ૭. હાથમાં ચૂડો કે બંગડી, ૫. પગમાં અઠાસિયાં - તોડા - કલ્લાં - સાંકળાં.

**અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય :**

**स्मरणं कीर्तनं केलि प्रेक्षणं गुह्यभाषणम् ।**<br>
**सङ्कल्पोऽध्यवसायश्च क्रियानिर्वृत्तिरेव च ॥**<br>
**एतन्मैथुनमष्टाङ्गं प्रवदन्ति मनीषिणः ।**<br>
**विपरीतं ब्रह्मचर्यमेतदेवाष्टलक्षणम् ॥**

૧. સ્મરણ : સ્ત્રીને યાદ કર્યા કરવી. ૨. કીર્તન : સ્ત્રીના ગુણનું વર્ણન કરવું. ૩. કેલિ : સ્ત્રી સાથે વિનોદવાર્તા કરવી. ૪. પ્રેક્ષણ : સ્ત્રીને ધારી ધારીને જોવી. ૫. ગુહ્યભાષણ : સ્ત્રી સાથે છાની વાત કરવી. ૬. સંકલ્પ : સંકલ્પથી દૃઢ નિશ્ચય કરવો. જાડી, પાતળી, કાળી, ધોળી, ઊંચી, નીચી વગેરે. ૭. અધ્યવસાય : સ્ત્રીને મેળવવા માટે પ્રયત્ન કરવો. ૮. ક્રિયાનિર્વૃત્તિ : સ્ત્રી સાથે અંગસંગ કરવો. બુદ્ધિશાળી પુરુષોએ આ આઠ પ્રકારનું મૈથુન કહેલું છે. તે આઠેય પ્રકારે સ્ત્રીનો પ્રસંગ ન થવા દેવો તેને અષ્ટાંગ બ્રહ્મચર્ય કહેવાય.

**સાષ્ટાંગ - આઠ અંગે સહિત પ્રણામ :**

**पद्भ्यां कराभ्यां जानुभ्यामुरसा शिरसा दृशा ।**<br>
**वचसा मनसा चेति प्रणामोऽष्टाङ्ग ईरितः ॥**

૧. બે પગ, ૨. બે હાથ, ૩. બે ઢીંચણ, ૪. છાતી, ૫. મસ્તક, ૬. દૃષ્ટિ, ૭. વાણી, ૮. મન.

**અષ્ટ પ્રકારની પ્રતિમા :**

**शैली दारुमयी लौही लेख्या लेप्या च सैकती ।**
**मनोमयी मणिमयी प्रतिमा अष्टधा स्मृताः ॥**

૧. પાષાણની, ૨. કાષ્ઠની, ૩. ધાતુની, ૪. છાપેલી, ૫. ચિત્રામણની, ૬. રેતીની, ૭. મનોમયી, ૮. મણિમયી.

**અષ્ટમૂર્તિ - શિવનાં આઠ સ્વરૂપ :**

**क्षितिर्जलं तथा तेजो वायुराकाशमेव च ।**
**यष्टार्कश्च तथा चन्द्रो मूर्तयोऽष्टौ पिनाकिनः ॥**

૧. પૃથ્વી, ૨. જળ, ૩. તેજ, ૪. વાયુ, ૫. આકાશ, ૬. ઋત્વિજ, ૭. સૂર્ય, ૮. ચન્દ્ર.

**અષ્ટ સિદ્ધિ :**

**अणिमा लघिमा प्राप्तिः प्राकाम्यं महिमा तथा ।**
**ईशिता वशिता चैव तथा कामावशायिता ॥**

૧. અણિમા, ૨.લઘિમા, ૩. પ્રાપ્તિ, ૪. પ્રાકામ્ય, ૫. મહિમા, ૬. ઈશિતા, ૭. વશિતા, ૮. કામાવશાયિતા અથવા કેટલાક કામાવશાયિતાને બદલે ગરિમાને ગણે છે.

**ભગવાનના અસાધારણ આઠ મહાગુણ :**

**एष आत्मा अपहतपाप्मा विजरो विमृत्युर्विशोको ।**
**विजिघत्सोऽपिपासः सत्यकामः सत्यसङ्कल्पः ॥**

૧. અપહતપાપ્મા - સર્વથા પાપ રહિતપણું, ૨. વિજર - જરારહિતપણું, ૩. વિમૃત્યુ - મૃત્યુરહિતપણું, ૪. વિશોક - શોકરહિતપણું, ૫. વિજિઘત્સ - ભોગની ઈચ્છારહિતપણું, ૬. અપિપાસ - તૃષારહિતપણું, ૭. સત્યકામ, ૮. સત્યસંકલ્પ.



**આઠ સચ્છાસ્ત્ર :** ૧. વેદ, ૨. વ્યાસસૂત્ર (બ્રહ્મસૂત્ર), ૩. શ્રીમદ્ ભાગવતપુરાણ, ૪. શ્રીવિષ્ણુસહસ્રનામ, ૫. શ્રીભગવદ્ગીતા, ૬. વિદુરનીતિ, ૭. શ્રીવાસુદેવમાહાત્મ્ય, ૮. યાજ્ઞવલ્ક્યસ્મૃતિ.

**અષ્ટાંગ યોગ :** ૧. યમ, ૨. નિયમ, ૩. આસન, ૪. પ્રાણાયામ, ૫. પ્રત્યાહાર, ૬. ધારણા, ૭. ધ્યાન, ૮. સમાધિ.

**અષ્ટ આવરણ :** ૧. પૃથ્વી, ૨. જળ, ૩. તેજ, ૪. વાયુ, ૫. આકાશ, ૬. અહંકાર, ૭. મહતત્ત્વ, ૮. પ્રકૃતિ.

**દેશકાળાદિક આઠ :** ૧. દેશ, ૨. કાળ, ૩. ક્રિયા, ૪. સંગ, ૫. શાસ્ત્ર, ૬. મંત્ર, ૭. દીક્ષા, ૮. દેવતાનું ધ્યાન.

**અષ્ટ પ્રહર :** ૧. પૂર્વાહ્ણ, ૨. મધ્યાહ્ન, ૩. અપરાહ્ણ, ૪. સાયં, ૫. પ્રદોષ, ૬. નિશીથ, ૭. ત્રિયામા, ૮. ઉષા.

**આઠ પારકાના દુઃખને જાણતા નથી :** ૧. રાજા, ૨. વેશ્યા, ૩. જમ, ૪. અગ્નિ, ૫. ચોર, ૬. બાળક, ૭. યાચક, ૮. કાંટો.

**શિક્ષાપત્રીમાં કહેલા ચાતુર્માસના આઠ વિશેષ નિયમ :** ૧. ભગવાનની કથાનું શ્રવણ કરવું, ૨. ભગવાનની કથા કરવી, ૩. ભગવાનના ગુણનું કીર્તન કરવું, ૪. ભગવાનની મહાપૂજા કરવી, ૫. શ્રી સ્વામિનારાયણ

મહામંત્રનો જપ કરવો, ૬. સ્તોત્રનો પાઠ કરવો, ૭. ભગવાનને પ્રદક્ષિણા કરવી, ૮. ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા.

**શ્રી કૃષ્ણચંદ્રની અષ્ટ પટરાણી :**

૧. કાલિંદી, ૨. ભદ્રા, ૩. રુક્મિણી, ૪. સત્યભામા, ૫. મિત્રવિંદા, ૬. જાંબુવતી, ૭. લક્ષ્મણા, ૮. નાગ્નજીતી.

**આઠ પ્રકારના મદ :**

૧. કુળમદ, ૨. શીલમદ, ૩. ધનમદ, ૪. રૂપમદ, ૫. યૌવનમદ, ૬. વિદ્યામદ, ૭. તપમદ, ૮. અધિકારમદ.

**માંસભક્ષણમાં આઠ વ્યક્તિ પાપની ભાગીદાર બને છે :**

૧. મારવાની અનુમતિ આપનાર, ૨. મારનાર, ૩. માર્યા પછી તેને છૂટું કરનાર, ૪. માંસ વેચનાર, ૫. ખરીદનાર, ૬. લાવનાર, ૭. રાંધનાર, ૮. ખાનાર.

**અષ્ટ પ્રધાન :**

૧. પ્રધાન, ૨. અમાત્ય, ૩. સચિવ, ૪. મંત્રી, ૫. ધર્માધ્યક્ષ, ૬. ન્યાયશાસ્ત્રી, ૭. વૈદ્ય, ૮. સેનાપતિ.

## નવનો આંક

**નવધા ભક્તિ :**

**श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।**
**अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥**

૧. ભગવાનની કથા સાંભળવી, ૨. ભગવાનનાં કીર્તન ગાવવાં, ૩. ભગવાનનું સ્મરણ કરવું, ૪. ભગવાનની ચરણસેવા કરવી, ૫. ભગવાનનું પૂજન કરવું, ૬. ભગવાનને નમસ્કાર કરવા, ૭. ભગવાનને વિશે દાસપણું



રાખવું, ૮. ભગવાનને વિશે સખાભાવ કેળવવો, ૯. પોતે અને પોતાનું દેહ ગેહ આદિ સર્વસ્વ ભગવાનને અર્પણ કરવું.

**શરીરમાં રહેલાં નવ દ્વાર :**

**नयने श्रवणे द्वे द्वे नासिके वदनं तथा ।**
**पायूपस्थौ च देहेऽस्मिन् नवद्वाराणि देहिनाम् ॥**

૧. ને ૨. બે નેત્ર, ૩. ને ૪. બે કર્ણ, ૫. ને ૬. બે નાસિકા (નસકોરા), ૭. મુખ, ૮. ગુદા, ૯. ઉપસ્થ(જનનેન્દ્રિય).

**કાવ્યના નવ રસ :**

**शृङ्गारहास्यकरुणरौद्रवीरभयानकाः ।**
**बीभत्सोऽद्भुत इत्यष्टौ रसाः शान्तस्तथा मतः ॥**

૧. શૃંગાર, ૨. હાસ્ય, ૩. કરુણ, ૪. રૌદ્ર, ૫. વીર, ૬. ભયાનક, ૭. બીભત્સ, ૮. અદ્‌ભુત, ૯. શાન્ત.

**નવ ગ્રહ :**

**सूर्यचन्द्रौ मङ्गलश्च बुधश्चापि बृहस्पतिः ।**
**शुक्रः शनैश्चरो राहुः केतवश्च नव ग्रहाः ॥**

૧. સૂર્ય, ૨. ચન્દ્ર, ૩. મંગળ, ૪. બુધ, ૫. બૃહસ્પતિ (ગુરુ), ૬. શુક્ર, ૭. શનિ, ૮. રાહુ, ૯. કેતુ.

**નવ યોગેશ્વર :**

**कविर्हरिरन्तरिक्षः प्रबुद्धः पिप्पलायनः ।**
**आविर्होत्रोऽथ द्रुमिलश्चमसः करभाजनः ॥**

૧. કવિ, ૨. હરિ, ૩. અન્તરિક્ષ, ૪. પ્રબુદ્ધ, ૫. પિપ્પલાયન, ૬. આવિર્હોત્ર, ૭. દ્રુમિલ, ૮. ચમસ, ૯. કરભાજન.

**નવ નિધિ :**

**पद्मोऽस्त्रियां महापद्मः शङ्खो मकरकच्छपौ ।**

**मुकुन्दकुन्दनीलाश्च खर्वश्च निधयो नव ॥**

૧. પદ્મ, ૨. મહાપદ્મ, ૩. શંખ, ૪. મકર, ૫. કચ્છપ, ૬. મુકુન્દ, ૭. કુન્દ, ૮. નીલ, ૯. ખર્વ.

**જંબુદ્વીપના નવ ખંડ :**

૧. ઈલાવર્ત, ૨. કેતુમાલ, ૩. રમ્યક, ૪. હિરણ્યમય, ૫. કુરુ, ૬. ભદ્રાશ્વ, ૭. હરિ૧વર્ષ, ૮. કિંપુરુષ, ૯. ભરતખંડ.

## દશનો આંક

**દશનામી સંન્યાસી :**

**तीर्थाश्रमवनारण्यगिरिपर्वतसागराः ।**

**सरस्वती भारती च पुरीति दश कीर्तिताः ॥**

૧. તીર્થ, ૨. આશ્રમ, ૩. વન, ૪. અરણ્ય, ૫. ગિરિ, ૬. પર્વત, ૭. સાગર, ૮. સરસ્વતી, ૯. ભારતી, ૧૦. પુરી.

**ધર્મનાં દશ લક્ષણ :**

**धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।**

**धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥**

૧. ધીરજ, ૨. ક્ષમા, ૩. અંતઃકરણનો નિગ્રહ, ૪. અસ્તેય, ૫. પવિત્રતા, ૬. ઈન્દ્રિયોનો નિગ્રહ, ૭. બુદ્ધિ, ૮. વિદ્યા, ૯. સત્ય, ૧૦. અક્રોધ.



**દશાવતાર :**

૧. મત્સ્ય, ૨. કૂર્મ, ૩. વારાહ, ૪. નૃસિંહ, ૫. વામન, ૬. પરશુરામ, ૭. શ્રીરામ, ૮. શ્રીકૃષ્ણ, ૯. બુદ્ધ, ૧૦. કલ્કિ.

**દશ દિશા :**

૧. પૂર્વ, ૨. પશ્ચિમ, ૩. ઉત્તર, ૪. દક્ષિણ, ૫. ઈશાન, ૬. અગ્નિ, ૭. નૈઋત્ય, ૮. વાયવ્ય, ૯. આકાશ, ૧૦. પાતાળ.

**શાસ્ત્રમાં કહેલ દશ વ્યસન :**

૧. જુગાર રમવો, ૨. સ્ત્રીપુરુષનું અધિક સેવન, ૩. શિકાર, ૪. મદ્યપાન, ૫. નાચ કરવો, ૬. ગીત ગાયા કરવાં, ૭. નકામા ભટકવું, ૮. વાદ્યો વગાડ્યા કરવાં, ૯. કોઈની નિંદા કરવી, ૧૦. દિવસે સૂવું.

**દશ પ્રકારના નાદ :**

૧. મચ્છરના ગણગણાટ જેવો, ૨. ભ્રમરનાદ, ૩. ઘંટનાદ, ૪. શંખનાદ, ૫. તંત્રીનાદ, ૬. નાલનાદ, ૭. વેણુનાદ, ૮. ભેરીનાદ, ૯. મૃદંગનાદ, ૧૦. મેઘનાદ.

## અગિયારનો આંક

**અગિયાર પ્રકારનું મદ્ય :**

**पानसं द्राक्षमाधूकं खार्जूरं तालमैक्षवम् ।**

**माधूत्थं सैरमारिष्टं मैरेयं नालिकेरजम् ॥**

૧. ફનસનું, ૨. દ્રાક્ષનું, ૩. મહુડાનું, ૪. ખજૂરનું, ૫. તાડનું, ૬. શેરડીનું, ૭. મધપુડાનું, ૮. સિંધણીનું (એક જાતના વૃક્ષનું), ૯. અરીઠાનું, ૧૦. મૈરેય (આંબળાં, ધાવડીનાં ફૂલ તથા ગોળનું પાણી - તે સર્વનો આસવ), ૧૧. નાળિયેરનું.

**શ્રીજીમહારાજે બતાવેલા અગિયાર નિયમો :**

૧. કોઈ પણ જીવ પ્રાણી માત્રની હિંસા ન કરવી. ૨. પરસ્ત્રીનો સંગ ન કરવો. ૩. માંસ ન ખાવું. ૪. દારૂ ન પીવો. ૫. વિધવા સ્ત્રીનો સ્પર્શ ન કરવો. ૬. આત્મઘાત ન કરવો. ૭. કોઈની કાંઈ પણ ચોરી ન કરવી. ૮. કોઈના ઉપર ખોટું કલંક ન નાખવું. ૯. કોઈ દેવની નિંદા ન કરવી. ૧૦. જેનું ન ખપતું હોય તેનું ન ખાવું. ૧૧. વિમુખ જીવના મુખથી ભગવાનની કથા ન સાંભળવી.

## બારનો આંક

**દ્વાદશ તિલક :**

**ललाटोदरहृत्कण्ठदक्षपार्श्वेऽशकर्णयोः ।**
**वामपार्श्वांशकर्णे च पृष्ठदेशे ककुद्यपि ॥**

૧. ભાલમાં, ૨. ઉદર ઉપર, ૩. હૃદયપ્રદેશમાં (છાતીમાં), ૪. કંઠમાં, ૫. જમણે પડખે, ૬. જમણી ભુજાએ,૭. જમણે કર્ણે, ૮. ડાબે પડખે, ૯. ડાબી ભુજાએ, ૧૦. ડાબે કર્ણે, ૧૧. પીઠમાં, ૧૨. કાંધ ઉપર.

**બાર રાશિ :**

**मेषो वृषश्च मिथुनः कर्कः सिंहश्च कन्यका ।**
**तुलावृश्चिकौ धनुश्चैव मृगकुम्भझषा इति ॥**

૧. મેષ, ૨. વૃષભ, ૩. મિથુન, ૪. કર્ક, ૫. સિંહ, ૬. કન્યા, ૭. તુલા, ૮. વૃશ્ચિક, ૯. ધન, ૧૦. મકર, ૧૧. કુંભ, ૧૨. મીન.



## તેરનો આંક

**ધર્મની તેર પત્નીઓ :**

**श्रद्धा तुष्टिर्दया मेधा पुष्टिः शान्तिस्तथोन्नतिः ।**
**मैत्री लज्जा तितिक्षा च बुद्धिर्मूर्तिः क्रिया तथा ॥**

૧. શ્રદ્ધા, ૨. તુષ્ટિ, ૩. દયા, ૪. મેધા, ૫. પુષ્ટિ, ૬. શાન્તિ, ૭. ઉન્નતિ, ૮. મૈત્રી, ૯. લજ્જા, ૧૦. તિતિક્ષા, ૧૧. બુદ્ધિ, ૧૨. મૂર્તિ, ૧૩. ક્રિયા.

## ચૌદનો આંક

**ચૌદ વિદ્યા :**

**षडङ्गवेदाश्चत्वारो मीमांसान्वीक्षिकी तथा ।**
**धर्मशास्त्रं पुराणञ्च विद्या एताश्चतुर्दश ॥**

૧. શિક્ષા, ૨ કલ્પ, ૩. વ્યાકરણ, ૪. નિરુક્ત, ૫. જ્યોતિષ, ૬. છન્દ, ૭. ઋગ્વેદ, ૮. યજુર્વેદ, ૯. સામવેદ, ૧૦. અથર્વવેદ, ૧૧. મીમાંસા, ૧૨. આન્વીક્ષિકી (ન્યાય), ૧૩. ધર્મશાસ્ત્ર, ૧૪. પુરાણ.

**ચૌદ રત્ન :**

૧. હળાહળ - ઝેર, ૨. ચંદ્રમા, ૩. કામધેનુ, ૪. ઉચ્ચૈશ્રવા - ઘોડો, ૫. ઐરાવત - હાથી, ૬. પારિજાતક-વૃક્ષ, ૭. કૌસ્તુભમણિ, ૮. રંભા - અપ્સરા, ૯. સુરા, ૧૦. સારંગ - ધનુષ, ૧૧. પાંચજન્ય - શંખ, ૧૨. લક્ષ્મી, ૧૩. ધન્વંતરી - વૈદ્ય, ૧૪. અમૃત.

## સોળનો આંક

**સોળ સંસ્કાર :**

गर्भाधानं पुंसवनं सीमन्तो जातकर्म च ।
नामक्रिया निष्क्रमोऽन्नप्राशनं वपनक्रिया ॥
कर्णवेधो व्रतादेशो वेदारम्भक्रियाविधिः ।
केशान्तः स्नानमुद्वाहो विवाहाग्निपरिग्रहः ॥
त्रेताग्निसङ्ग्रहश्चैव संस्काराः षोडश स्मृताः ।

૧. ગર્ભાધાન, ૨. પુંસવન, ૩. સીમંત, ૪. જાતકર્મ, ૫. નામકરણ, ૬. નિષ્ક્રમણ, ૭. અન્નપ્રાશન, ૮. વપનક્રિયા (ચૌલકર્મ), ૯. કર્ણવેધ, ૧૦. વ્રતાદેશ (યજ્ઞોપવીત), ૧૧. વેદારંભ, ૧૨. કેશાન્ત (સમાવર્તન), ૧૩. સ્નાન, ૧૪. ઉદ્વાહ (વિવાહ), ૧૫. વિવાહાગ્નિપરિગ્રહ, ૧૬. ત્રેતાગ્નિસંગ્રહ.

**ષોડશોપચાર :**

आवाहनं चासनं च पाद्यार्घ्याचमनानि च ।
स्नानवस्त्रोपवीतानि चन्दनं कुसुमानि च ॥
धूपं दीपं च नैवेद्यं ताम्बूलं दक्षिणां तथा ।
पुष्पाञ्जलिं प्रदायैव नमस्कुर्वीत सादरम् ॥

૧ આવાહન, ૨. આસન, ૩. પાદ્ય, ૪. અર્ઘ્ય, ૫. આચમન, ૬. સ્નાન, ૭. વસ્ત્ર, ૮. ઉપવીત, ૯. ચંદન, ૧૦. પુષ્પ, ૧૧. ધૂપ, ૧૨. દીપ, ૧૩. નૈવેદ્ય, ૧૪ તામ્બૂલ (મુખવાસ), ૧૫. દક્ષિણા, ૧૬. પુષ્પાંજલિ.



**સોળ ચિહ્ન :**

**શ્રીજીમહારાજના જમણા ચરણમાં નવ ચિહ્ન છે :**

૧. અષ્ટકોણ, ૨. ઊર્ધ્વરેખા, ૩. સ્વસ્તિક, ૪. જાંબુ, ૫. જવ, ૬. વ્રજ, ૭. અંકુશ, ૮. કેતુ (ધ્વજ), ૯. પદ્મ.

**શ્રીજીમહારાજના ડાબા ચરણમાં સાત ચિહ્ન છે :**

૧. ત્રિકોણ, ૨. કળશ, ૩. ગોપદ, ૪. ધનુષ, ૫. મીન, ૬. અર્ધચંદ્ર, ૭. વ્યોમ.

***(એકંદરે ડાબાજમણા ચરણનાં સાથે મળી સોળ ચિહ્ન થાય.)***

## અઢારનો આંક

**અઢાર પુરાણ :**

अष्टादश पुराणानि पुराणज्ञाः प्रचक्षते ।
ब्राह्मं पाद्मं वैष्णवं च शैवं भागवतं तथा ॥
तथान्यन्नारदीयं च मार्कण्डेयं च सप्तमम् ।
आग्नेयमष्टमं चैव भविष्यं नवमं स्मृतम् ॥
दशमं ब्रह्मवैवर्तं लैङ्गमेकादशं स्मृतम् ।
वाराहं द्वादशं चैव स्कान्दं चैव त्रयोदशम् ॥
चतुर्दशं वामनं च कौर्मं पञ्चदशं स्मृतम् ।
मात्स्यं च गारुडं चैव ब्रह्माण्डं च ततः परम् ॥

૧. બ્રહ્મ, ૨. પદ્મ, ૩. વિષ્ણુ, ૪. શિવ, ૫. ભાગવત, ૬. નારદ, ૭. માર્કંડેય, ૮. અગ્નિ, ૯. ભવિષ્ય, ૧૦. બ્રહ્મવૈવર્ત, ૧૧. લિંગ, ૧૨. વરાહ, ૧૩. સ્કંદ, ૧૪. વામન, ૧૫. કૂર્મ, ૧૬. મત્સ્ય, ૧૭. ગરુડ, ૧૮. બ્રહ્માંડ.

卐

## ૧૪ ઉપાસના

ઉપ + આસન = ઉપાસના

ઉપ એટલે સમીપે અને આસન એટલે દઢ સ્થિતિ કરીને રહેવું અર્થાત્ પોતે પુરુષોત્તમરૂપ થઈ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં અંગોઅંગ અને રોમેરોમમાં રસબસભાવે રહી દઢ સ્થિતિ પ્રાપ્ત કરવી તેનું નામ સર્વોપરી ઉપાસના = અનાદિ મુક્તની સ્થિતિ.

ઉપાસનાના ચાર પાયા - અંગ છે.

૧. શ્રી સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી, સર્વાવતારી જાણવા.
૨. શ્રી સ્વામિનારાયણ ભગવાનને દ્વિભુજ દિવ્ય સદા સાકાર મૂર્તિ જાણવા.
૩. શ્રી સ્વામિનારાયણ ભગવાનને સદા પ્રગટ અને પ્રત્યક્ષ જાણવા.
૪. શ્રી સ્વામિનારાયણ ભગવાનને સર્વાન્તર્યામી જાણી તેમની નાની મોટી સર્વ આજ્ઞાઓને શિર સાટે પાળવી.

આ ચાર અંગે સહિત ઉપાસનાની દઢતા શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિશે કરે તો જ આત્યંતિક મોક્ષ - અનાદિ મુક્તની સ્થિતિ પ્રાપ્ત થાય.

卐



## ૧૫ એકાદશી માહાત્મ્ય

મોક્ષની ઈચ્છાવાળા હરકોઈ મનુષ્યે એકાદશીનું વ્રત ખટકો રાખીને વિશેષપણે કરવું. એકાદશીનું વ્રત બીજા વ્રતોની અપેક્ષાએ અધિક છે, કેમ કે તે વ્રત સ્વયં ભગવાનનું છે. તે વ્રત કરવાથી તેમની પરમ પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

જે મનુષ્ય એકાદશીના દિવસે ઉપવાસ ન કરે તે મૂર્ખ ગાઢ અંધકારથી વ્યાપ્ત રૌરવ નામના નરકકુંડમાં પડે છે. બ્રહ્મહત્યાદિ સર્વ પાપો એકાદશીના દિવસે અન્નનો આશ્રય કરીને રહે છે. માટે તે દિવસે જે અન્ન ખાય છે તે મનુષ્ય તે પાપોને પામે છે. એકાદશીના દિવસે અન્નને ખાનારો મનુષ્ય માતૃહત્યા, પિતૃહત્યા તથા ગુરુહત્યાદિ મહાપાપનો ભાગી થાય છે તથા કોળીએ કોળીએ તે મળને ખાય છે. મોટા મુનિઓએ શાસ્ત્રોમાં બ્રહ્મહત્યાના પાપનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે. પરંતુ એકાદશીના દિવસે અન્નભક્ષણ કરે તેના પાપનું પ્રાયશ્ચિત્ત કોઈ પણ ગ્રંથમાં કહ્યું નથી. લોકમાં દારૂ પીનારો મનુષ્ય પોતે એકલો જ નરકને પામે છે. જ્યારે એકાદશીના દિવસે અન્નભક્ષણ કરનારો તો પોતાના પિતા વગેરે પૂર્વજોને સાથે લઈને નરકમાં પડે છે.

જેવી શુક્લપક્ષની એકાદશી છે તેવી જ કૃષ્ણપક્ષની એકાદશી છે, એમાં ન્યૂનાધિકભાવ નથી; માટે બન્ને એકાદશી વ્રતને યોગ્ય છે.

આઠ વર્ષથી મોટા અને એંશી વર્ષથી નાના સર્વને એકાદશીનું વ્રત ફરજિયાત કરવું. આ વ્રત સર્વ આશ્રમીને માટે સાધારણ છે. માટે ત્યાગી, ગૃહી, બાઈ, ભાઈ, સધવા, વિધવા સર્વ કોઈએ એકાદશીનું વ્રત કરવું. જે વિધવા નારી એકાદશીના દિવસે અન્ન ખાય છે તેનું સુકૃત નાશ પામે છે અને તે બ્રહ્મહત્યાના પાપને પામે છે. જે મનુષ્ય એકાદશીના દિવસે ઉપવાસ કરી જિતેન્દ્રિય થઈ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પૂજન કરે તથા તેમની કથાનું શ્રવણ કીર્તન કરતો થકો રાત્રીએ જાગણ કરે તે મનુષ્ય, શરદ ઋતુ જેમ જળને નિર્મળ કરે છે તેમ તે પણ પોતે નિર્મળ થઈ પોતાના આશ્રિત સર્વ મનુષ્યના મળને પણ ટાળી નાખે છે. એકાદશીના વ્રતરૂપી અગ્નિએ કરીને સો જન્મનાં કરેલાં પાપો પણ બળીને ભસ્મ થઈ જાય છે. એકાદશીનું વ્રત જેવું પાપને નાશ કરનારું છે તેવું બીજું મનુષ્યના પાપને ટાળનાર કોઈ નથી. એકાદશીનું શુભ વ્રત મનુષ્ય ન કરે ત્યાં સુધી જ તેના દેહમાં પાપ રહે છે; પણ વ્રત કર્યા પછી પાપ રહેતા નથી. કુરુક્ષેત્રને વિશે ચંદ્રગ્રહણ કે સૂર્યગ્રહણમાં કરેલા ગોદાનથી જે પુણ્ય થાય તે પુણ્ય એકાદશીના ઉપવાસથી થાય છે.

સાઠ હજાર વર્ષ પર્યન્ત દરરોજ એક લાખ તપસ્વી ભક્ત બ્રાહ્મણોને જમાડનાર મનુષ્યને જે પુણ્ય થાય તે પુણ્ય સ્વધર્મમાં રહ્યો થકો શ્રદ્ધાભક્તિએ સહિત એકાદશી વ્રતના અનુષ્ઠાન કરનારને થાય છે. હજાર અશ્વમેધ યજ્ઞનું તથા સો રાજસૂય યજ્ઞનું પુણ્ય એક એકાદશીના



પુણ્યના સોળમાં ભાગની બરાબર પણ થતું નથી. પૂર્વે અગિયાર ઈન્દ્રિયોથી કરેલાં સર્વ પાપો એકાદશીના ઉપવાસથી નાશ પામી જાય છે. કોઈ મિષથી પણ કરેલું એકાદશીનું વ્રત યમદર્શનની નિવૃત્તિ કરે છે, અર્થાત્ એકાદશી વ્રતને કરનારને ક્યારેય યમરાજનું દર્શન કરવાનું રહેતું નથી. તેનો ક્યારેય નરકપાત થતો નથી. એકાદશી વ્રતના અનુષ્ઠાનથી ઐહિક સ્ત્રી, પુત્ર, ક્ષેત્ર, આયુષ્ય, આરોગ્ય, રાજ્ય આદિક તથા પારલૌકિક આત્યંતિક મોક્ષ - અનવધિક સુખ સ્વરૂપ ભગવાનના અક્ષરધામની પ્રાપ્તિ થાય છે, અર્થાત્ સકામ વા નિષ્કામ જે મનુષ્ય જે ઈચ્છે તે તેને પામે છે. એકાદશીવ્રતની તુલ્ય ગંગાજી નથી, ગયાજી નથી, કાશીપુરી નથી, પુષ્કર સરોવર નથી, કુરુક્ષેત્ર નથી, નર્મદા નથી, યમુના નથી તથા ચંદ્રભાગા નથી; કારણ કે એકાદશીના વ્રતથી મનુષ્યો ક્યારેય પણ ફરી આ સંસારચક્કરમાં ન આવવું પડે એવા ભગવાનના અક્ષરધામને વિના પ્રયત્ને પામે છે. એકાદશીના વ્રતમાં નિષ્ઠાવાળો પુરુષ માતાના કુળમાં દશ, પિતાના કુળમાં દશ, પત્નીના કુળમાં દશ તથા પોતે એમ એકત્રીસ પુરુષોનો ઉદ્ધાર કરે છે. એકાદશીનું વ્રત કલ્પવૃક્ષ તથા ચિંતામણિની પેઠે મનુષ્યની સર્વ કામનાને પૂર્ણ કરનાર છે, અર્થાત્ એકાદશીનું વ્રત કરનાર મનુષ્ય આલોકમાં પોતાને અભીષ્ટ સર્વ સંપત્તિને પામે છે તથા અંતે પુરુષોત્તમરૂપ થઈ શ્રી સ્વામિનારાયણ ભગવાનના તુલ્ય રૂપ લાવણ્ય પામી તેમની મૂર્તિમાં અનાદિ મુક્તોની

સાથે દિવ્ય સુખનો ભોક્તા થાય છે. માટે આવા મોટા મહિમાવાળું એકાદશીનું વ્રત સર્વ કોઈ મનુષ્યોએ ઉપવાસ કરવા પૂર્વક પરમ શ્રદ્ધાભક્તિથી કરવું અને જો કોઈ મનુષ્ય ઉપવાસ કરવાને અસમર્થ હોય તો તેને ફળાહાર કરીને પણ એકાદશીનું વ્રત કરવું.

એકાદશીના દિવસે ધનાઢ્ય ગૃહસ્થ ભક્તોએ શ્રીહરિની મહાપૂજા કરવી અને પછી અવશેષ સમય રહે તેને ભગવત્કથાનું શ્રવણ કીર્તન વગેરે કરી પસાર કરવો. એકાદશીને દિવસે ભક્તજનોએ ધાર્મિક ક્રિયાએ રહિત વ્યવહારૈકપ્રધાન કર્મ કાંઈ પણ આપત્કાળ વિના ન જ કરવું. ખેડૂતોએ ખેતી ન કરવી, વણિજોએ નાણાંની લેણદેણ ન કરવી. કોઈ વસ્તુનો ક્રયવિક્રય ન કરવો, સ્ત્રીઓએ શોક તથા તે નિમિત્તનું રોદન ન કરવું, ગ્રામ્યવાર્તા ન કરવી, અસ્પૃશ્યનો સ્પર્શ ન કરવો, અભાષ્ય સાથે ભાષણ ન કરવું વગેરે. એકાદશીનો દિવસ તો ભગવત્પૂજા વગેરે દ્વારા જ પસાર કરવો, પણ બીજી રીતે નહિ. અને રાત્રિએ ભગવત્કીર્તનાદિ વડે જાગરણું કરવું. રાત્રિએ જાગરણ માટે ભગવાનના મંદિર પ્રત્યે વા સંતમંડળના સાન્નિધ્યમાં જતા પુરુષને ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું પુણ્ય થાય છે. તેવી જ રીતે સ્ત્રીઓએ સ્ત્રીઓનાં મંડળ સાથે મળીને ભગવાનનાં કથા કીર્તનાદિ વડે જાગરણ કરવું તેથી તેમને પણ તે જ ફળ પ્રાપ્ત થાય છે. જાગરણમાં પુરુષોએ વા સ્ત્રીઓએ દ્યૂત, ગ્રામ્યવાર્તા તે તો કરવાં જ નહિ.

卐



## ૧૬ એકાદશીનો પ્રાદુર્ભાવ

એકાદશીનો આવો મોટો મહિમા તેમાં કારણ શું ? તો એક તો સાક્ષાત્ ભગવાનની મૂર્તિ થકી - ભગવાનની એકાદશ ઈન્દ્રિયોના તેજ થકી તેની ઉત્પત્તિ થઈ છે અને બીજું ભગવાન થકી વરને પામી છે. માટે તેનો આવો મોટો મહિમા છે.

પૂર્વે સત્યયુગમાં નાડીજંઘનો દીકરો મુરનામે મહાબળસંપન્ન અસુર હતો. વળી તે મુરદાનવે તપે કરી બ્રહ્માજીને પ્રસન્ન કરી તેમના થકી સર્વે દેવો વડે નહિ વધ થવા ઈચ્છિત વરને મેળવ્યો હતો. તે પછી પ્રકૃતિથી જ ઉદ્ધત તે મુરદાનવે વરલાભથી અત્યંત ઉદ્ધત થઈ ઈન્દ્રાદિક દિક્પાલોને જીતી લઈ, સ્વયં એકાધિપતિ થઈ તે તે સ્થાનોમાં પોતાની જ જાતિના બીજા દિક્પાલોની યોજના કરી. તે સમયે સ્થાનભ્રષ્ટ થતાં નિસ્તેજ બનેલા તે ઈન્દ્રાદિક દેવોએ બ્રહ્માજીને શરણે જઈ પોતાનું દુઃખ નિવેદન કર્યું. તેમના દુઃખ નિવારણમાં અસમર્થ બ્રહ્માજી પણ તે સર્વ દેવોને સાથે લઈ ક્ષીરસાગર પ્રત્યે ગયા અને ત્યાં જઈ નિરાહાર, જિતેન્દ્રિય થઈ મનથી ભગવાનને શરણે જઈ ભગવાનનું આરાધન કરવા લાગ્યા. એક પગે ઊભા રહી, ઊર્ધ્વ દૃષ્ટિ અને ઊર્ધ્વબાહુ રાખીને બ્રહ્માદિક તે સર્વ દેવો અવ્યગ્રપણે તીવ્ર તપ કરવા લાગ્યા. તેમના અતિ તીવ્ર તપને જોઈ ભગવાન તેમની સમક્ષ પ્રગટ થયા અને તેમને અભય વર આપી તે દૈત્યને હણવાને માટે તે દેવોની સાથે તે દૈત્યરાજની

ચંદ્રાવતી નામની નગરી પ્રત્યે ગયા અને તે દૈત્યને પડકાર્યો. પડકાર થતાંની સાથે જ તે દૈત્ય પૂરવેગમાં નગર બહાર ધસી આવ્યો અને દેવો સાથે યુદ્ધ કરવા લાગ્યો. તે દૈત્યના અસ્ત્રશસ્ત્રના પ્રહારને સહન કરવા અસમર્થ એવા દેવો આમતેમ દશે દિશામાં પલાયન કરી ગયા. ભગવાને પણ તે દૈત્ય સાથે દારુણ યુદ્ધ કરતા થકા તે દૈત્યને હણવાને જાણે અસમર્થ હોય તેવી લીલા દેખાડી. તે રીતે દેવતાઓના એક હજાર વર્ષ સુધી તે યુદ્ધ ચાલ્યું. તે પછી પરિશ્રમ પામ્યા હોય ને શું ! તેમ ભગવાન બદરીવનને પામી તેમાં આવેલી સિંહવતી નામની ગુફામાં જઈને દશ ઈન્દ્રિયો અને અગિયારમું મન તેને સ્વસ્વરૂપને સન્મુખ કરીને પોઢી ગયા. તે મુરદાનવ પણ ભગવાનની પાછળ દોડતો દોડતો આવી બાર યોજન (અડતાળીસ ગાઉ)ના વિસ્તારવાળી અને એક જ નીકળવાના દ્વારવાળી તે ગુફામાં એકદમ પ્રવિષ્ટ થયો. તે સમયે ભગવાને પોતાની પાછળ આવેલા તે દૈત્યને અતિ ઉદ્ધત દેખી સંકલ્પ કર્યો કે તરત જ પોતાની એકાદશ ઈન્દ્રિયો થકી મહાવેગવાળો દુઃસહ્ય એવો તેજનો સમૂહ ઉદય પામ્યો. અને તે તેજ થકી દિવ્ય આયુધો ધારી રહેલી અતિ તપસ્વિની એક સ્ત્રી પ્રગટ થઈ આવી. તે સમયે તે મુરદાનવ તે સ્ત્રીને રૂપ સૌભાગ્યે સંપન્ન જોઈને કામવ્યાકુળ થઈ આદરથી તેને પ્રાર્થના કરવા લાગ્યો : હે મુગ્ધે, તું રૂપ લાવણ્યે સંપન્ન છું, અને હું રૂપ, યૌવન અને ઐશ્વર્યે કરી અનુપમ છું. માટે તું મને વર. ત્યારે કામવિહ્વળ તે દૈત્ય પ્રત્યે તે દેવી બોલી : હે દૈત્ય, મારે આવું વ્રત છે, જે યુદ્ધમાં મને જીતે તે



મારો પતિ થાય. માટે મને યુદ્ધમાં જીતીને ગ્રહણ કર. પછી તે મુરદાનવ તે દેવી સાથે વિવિધ શસ્ત્રો તથા અસ્ત્રો વડે યુદ્ધ કરવા લાગ્યો. મહાક્રોધને પામેલી તે દેવીએ ખડગે કરીને તે દુષ્ટ દૈત્યનું મસ્તક છેદી નાખ્યું અને તે મરણને શરણ થયો. દેવો સંતુષ્ટ થઈ તે દેવીનો સત્કાર કરતા પ્રશંસા કરવા લાગ્યા અને ભગવાન પણ જાગ્રત થઈ આનંદને પામતા થકા પોતે કાંઈ જાણતા જ ન હોય તેમ તે દેવીને પૂછવા લાગ્યા : તું કોણ છે ? ત્યારે તે દેવી બોલી : હે સ્વામિન્, હે પ્રભો, હું એકાદશી છું. તમોએ અધિષ્ઠાન કરેલી એકાદશ ઈન્દ્રિયો થકી ઉત્પન્ન થઈ હોવાથી એકાદશી નામની વિખ્યાત તમારી જ શક્તિવિશેષ છું. વળી આપના તપરૂપ તેજ થકી ઉત્પન્ન થઈ હોવાથી તપસ્વિની નામથી પણ વિખ્યાત છું અને વળી બ્રહ્માંડમાં જે નાનાં મોટાં પાપો છે અને જે દૈત્ય સમૂહો છે તે સર્વનો સંહાર કરનારી છું. ત્યારે ભગવાન તે એકાદશી ઉપર પ્રસન્ન થઈ બોલ્યા : હે નિષ્પાપ, આજ તારા પ્રાદુર્ભાવથી ત્રિલોકીમાં મોટો આનંદ થયો છે, તો મારા થકી તું વર માગ. તે સમયે ભગવાનને અતિ પ્રસન્ન જોઈ તે એકાદશી બોલી : હે સ્વામિન્, જો આપ મારી ઉપર ખરેખર પ્રસન્ન થયા હો તો મારે આ જ વર માગવો છે કે જે મનુષ્ય મારા વ્રતનું અનુષ્ઠાન કરે તેનું આ લોકમાં તથા પરલોકમાં વાંછિત સર્વ સિદ્ધ થાય. તથા જે મનુષ્ય મારા વ્રતના દિવસે ઉપવાસ કરે તે સર્વ પાપ થકી વિનિર્મુક્ત થઈ આત્યંતિક મોક્ષને પામે તથા જીવિતપર્યન્ત આલોકમાં સુખી રહે. તથા જે મનુષ્ય રોગાદિકે કરીને ઉપવાસ કરવામાં અસમર્થ હોય તે ફળાહાર

કરી મારું વ્રત કરે તો તે પણ પૂર્વોક્ત ફળને પામે. વળી હે ભગવન્, ત્રણેય લોકમાં, ચારેય યુગમાં, બારેય માસમાં મારું વ્રત પ્રવર્તે તથા હે ઈશ્વર, ચોવીશ રૂપવાળી (એક વરસમાં ચોવીશ એકાદશીઓ આવે છે.) હું, તે મારા આપ જ સ્વામી થઈને મને નિત્ય આનંદ આપો. આટલું મારે અભીષ્ટ છે. એકાદશીએ કરેલી પ્રાર્થના સાંભળી પ્રસન્ન થયેલા ભગવાન બોલ્યા : હે ભદ્રે, ભવબ્રહ્માદિક દેવોને પણ દુર્લભ એવો આ વર તે હું તમોને આપું છું. આજ દિવસથી આરંભીને (માગશર માસના શુક્લ પક્ષની એકાદશીથી આરંભીને) જે કોઈ (જાતિથી ઉત્કૃષ્ટ કે કનિષ્ઠ) મારા પૂજનોત્સવે સહિત તમારું વ્રત કરશે તે સર્વે પોતપોતાના અભીષ્ટને પામશે જ. વ્રતકર્તા જો મોક્ષાર્થી હશે તો તે મોક્ષને નિશ્ચે પામશે અને જો સાંસારિક - આ લોક પરલોક સંબંધી સુખની સ્પૃહાવાળો હશે તો તે, તે સુખને પણ નિશ્ચે પામશે. અને તે હેતુથી તમો લોકમાં 'મુક્તિદા' તથા 'ભુક્તિદા' એ રીતે વિખ્યાત થશો. વળી હું કેશવાદિ ચોવીસ રૂપથી ચોવીસ રૂપવાળાં તમારો પતિ થઈ તમોને આનંદ આપીશ. આ રીતે ભગવાન પાસેથી વર પામી પ્રસન્ન થઈ તે દેવી - એકાદશી અદશ્ય થઈ ગઈ. પછી ભગવાને બધા દેવો પાસે તે વ્રત કરાવ્યું તથા બદરીવાસી મુનિઓએ પણ તે વ્રત કર્યું. આમ ભગવાન એકાદશીને વર આપી તેનું વ્રત ત્રિલોકીમાં પ્રવર્તાવી સ્વયં સ્વધામ પધાર્યા. તે દિવસથી આરંભીને ત્રિલોકીમાં આ એકાદશીનું વ્રત પ્રવર્તે છે.

卐



## ૧૭ ચાતુર્માસનું માહાત્મ્ય

એકાદશી યોગનિદ્રાને પામેલા ભગવાન થકી પ્રાદુર્ભાવ પામી હોવાથી પોતે યોગનિદ્રારૂપ જ છે. તે આ એકાદશીએ ભગવાન થકી વર મેળવ્યા પછી વળી લક્ષ્મીજીની પેઠે ભગવાનની મૂર્તિમાં જ નિશ્ચળ નિવાસની ઈચ્છા કરી અને તે માટે તેણે ભગવાનને પ્રસન્ન કરવા પુનઃ દેવતાઓનાં સો વર્ષ પર્યન્ત તપ કર્યું. તેની ભક્તિ અને તપ જોઈ ભગવાન પ્રસન્ન થયા અને તેની આગળ પ્રગટ થઈ તેને પુનઃ વર માગવા કહ્યું. ત્યારે તેણે પ્રણામ કરી ભગવાનને કહ્યું : હે પ્રભો, જો તમો મારી ઉપર પ્રસન્ન થયા હો તો લક્ષ્મીજીની પેઠે મને પણ તમારા એક અંગમાં જ નિવાસ આપો. ત્યારે ભગવાને કહ્યું : હે પ્રિયે, મારા અંગોને મધ્યે બહુધાપણે બધાં અંગ ભક્તપરાધીન એવા મેં તેમના તેમના નિવાસને માટે કલ્પી દીધાં છે. જેમ કે કટી થકી નીચેનું મારું અંગ તો ગરુડજીએ સ્વાધીન કરી લીધું છે, મારું વક્ષઃસ્થળ લક્ષ્મીજીએ સ્વાયત્ત કર્યું છે, મારા બાહુઓ પણ ચક્રાદિ આયુધોએ સ્વાધીન કરી લીધા છે, મારા કર્ણ કુંડળોએ (સાંખ્યયોગરૂપ) કબજે કરી લીધા છે, મારું મુખ સરસ્વતીએ રોકી લીધું છે, મારું મસ્તક મુકુટે તાબે કરી લીધું છે. એ રીતે તે તે અંગ તેમનાં તેમનાં નિવાસસ્થાન થઈ ગયાં છે. હવે એક નેત્ર બાકી છે તે તમને આપું છું. લોકમાં બુદ્ધિશાળીઓ જે અતિ પ્રિય હોય તેનું સ્થાન નેત્ર કહે છે. (મારે તો તમો આંખને ઠેકાણે છો.) તમે મને લક્ષ્મી થકી પણ અધિક

પ્રિય છો માટે તમને મારા નેત્રમાં નિવાસ આપું છું. આજ તો અષાઢ સુદિ એકાદશી તિથિ છે તો આજથી આરંભીને ચાર માસ પર્યન્ત તમે મારા નેત્રમાં વસો. હે તપસ્વિની, પ્રતિવર્ષ આ ચાર માસ તમને મારા નેત્રમાં ધારણ કરી હું ક્ષીરસાગરમાં શયન કરીશ. મેં તમારો સ્વીકાર કરતાં, મારા ભક્તજનો ત્યાગીગૃહી, બાઈભાઈ તે સર્વે તપને જ કરશે. જે ભક્તજનો મારી પ્રીતિ માટે ચાતુર્માસમાં મારી પૂજા, તપ તથા યોગને કરશે તેમને અભીષ્ટ સિદ્ધિ જલ્દી પ્રાપ્ત થશે. આ રીતે તે એકાદશીને વર આપી તેને પોતાના નેત્રમાં ધારણ કરી પોતાની ઈન્દ્રિયોને સ્વસ્વરૂપની સન્મુખ કરી ભગવાન ક્ષીરસાગરમાં શેષશય્યા પર પોઢી ગયા. ભગવાન યોગનિદ્રાને પામતાં લક્ષ્મીજી પણ નિરાહાર રહી ભગવાનનાં ચરણકમળ ચાંપવા લાગ્યાં. તે સમયે ભગવાનના નંદ, સુનંદ આદિક પાર્ષદો પણ નિરાહાર રહી તપ કરવા લાગ્યા. તથા શ્વેતદ્વીપવાસી મુનિઓ પણ નિરાહાર જિતેન્દ્રિય થઈ ભગવાનના જ ધ્યાનપરાયણ થયા. માટે જ આ લોકમાં વિવેકી ભક્તજનો ત્યાગીગૃહી, બાઈભાઈ સર્વે ભગવાનને પ્રસન્ન કરવા આ ચાર માસ તપપરાયણ જ વર્તે છે.

આ ચાર માસ પસાર થતાં કાર્તિક શુક્લ એકાદશીએ ભગવાન યોગનિદ્રામાંથી જાગ્રત થાય છે ત્યારે તે પાર્ષદો, મુનિઓ, દેવો સર્વે આનંદમાં પાંચ દિવસ (પ્રબોધિની - કાર્તિક સુદિ એકાદશીથી કાર્તિક સુદિ પૂર્ણિમા સુધી) ભગવાનના પૂજનપૂર્વક મોટો ઉત્સવ કરે છે. માટે



પ્રબોધિની એકાદશી સર્વ એકાદશી કરતાં મોટી માની છે અને તે દિવસે બ્રહ્માંડમાં સર્વત્ર આનંદ ઉત્સવ થાય છે.

વળી પ્રબોધિની એકાદશી તો આપણા માટે ઘણાં પર્વોવાળી છે :

(૧) આ જ દિવસે શ્રીહરિના પિતા ધર્મદેવનો પ્રાદુર્ભાવ થયો છે.

(૨) આ જ દિવસે શ્રીહરિએ સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી પાસે ભાગવતી મહાદીક્ષા ગ્રહણ કરી છે.

(૩) આ જ દિવસે સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ શ્રીહરિ સહજાનંદ સ્વામી - શ્રી સ્વામિનારાયણ ભગવાનને પોતાની ધર્મધુરા સુપ્રત કરી છે.

(૪) આ જ દિવસે શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાની શ્રી સ્વામિનારાયણ ગાદી ઉપર વિરાજમાન થઈ પોતાનો પ્રૌઢ પ્રતાપ ફેલાવ્યો છે.

(૫) આ જ દિવસે તે શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના સંપ્રદાયમાં કાળાન્તરે કરી આવેલી ક્ષતિને દૂર કરવા અને પોતાનો સર્વોપરી મહિમા તથા જ્ઞાન પ્રવર્તાવવા જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રી રૂપે - કચ્છ વૃષપુરમાં પાંચાપિતાને ઘેર પ્રગટ થયા.

(૬) બાપાશ્રીએ સમજાવેલ શ્રી સ્વામિનારાયણ ભગવાનના તત્ત્વજ્ઞાનને જગત સમસ્તમાં પ્રસારવા શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર ધર્મધુરંધર ૧૦૦૮ જીવનપ્રાણ શ્રી

મુક્તજીવન સ્વામીબાપા પ્રગટ થયા અને તેઓશ્રીએ પણ આ જ એકાદશીના દિવસે ભાગવતી મહાદીક્ષા ગ્રહણ કરી સત્સંગની સાર લીધી. આવી રીતે આપણા માટે પ્રબોધિની એકાદશી તો મોટા આનંદનો દિવસ છે.

卐

# સંસ્કારદીપિકા ભાગ - ૨

## નમૂનાનું પ્રશ્નપત્ર

*(સમય : ૩ કલાક)* *(કુલ ગુણ : ૧૦૦)*

**સૂચના :**

(૧) પાસ થવા માટે ૫૦ % ગુણ મેળવવા આવશ્યક છે.

(૨) સંસ્કારદીપિકા ભા.૧માંથી ૨૦ ગુણના પ્રશ્નો પૂછાશે.

**પ્ર-૧ નીચેનામાંથી ગમે તે એક વિષય ઉપર સંક્ષેપમાં નિબંધ લખો. (૧૦)**

(૧) શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા

(૨) એકાદશીનું માહાત્મ્ય

(૩) ચાતુર્માસનું માહાત્મ્ય

**પ્ર-૨ નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (ગમે તે પાંચ) (૧૫)**

(૧) પ્રાતઃકાળની માનસીપૂજા કેવી રીતે કરવી ?

(૨) સાષ્ટાંગ દંડવત પ્રણામ કેવી રીતે કરશો ?

(૩) ધર્મની તેર પત્નીઓનાં નામ જણાવો.

(૪) વ્યાસજીએ કયાં કયાં અને કેટલાં પુરાણો લખ્યાં છે ?

(૫) સદ્. શ્રી પ્રેમાનંદ સ્વામીએ સાયં પ્રાર્થનામાં શ્રીજીમહારાજ પાસે કયાં સાત વરદાન માગ્યાં છે ?

(૬) યોગનાં આઠ અંગ કયાં કયાં છે ?

(૭) પૂજામાં મૂર્તિઓ પધરાવ્યા પછી બોલાતો આવાહન મંત્ર લખો.

**પ્ર-૩ ગમે તે બે ઉપર ટૂંકનોંધ લખો. (૧૦)**

(૧) સાયંકાળની માનસીપૂજા (૨) સોળ સંસ્કાર (૩) ષટ્‌ચક્ર.

**પ્ર-૪ ગમે તે પાંચ પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (૧૫)**

(૧) જીવના માથે સાત દંડ કયા કયા રહેલા છે ?

(૨) પંચ મહાયજ્ઞો કયા કયા છે ?

(૩) દેવદાનવોએ કરેલા સમુદ્રમંથનમાંથી કેટલાં અને કયાં રત્નો નીકળ્યાં હતાં ?

(૪) અંતર્ધાન થયા પછી શ્રીજીમહારાજ કયાં ચાર સ્વરૂપે પ્રત્યક્ષ છે ?

(૫) જીવનમાં કઈ પાંચ વસ્તુઓનું અનુસંધાન હંમેશા રાખવું જોઈએ ?

(૬) પૂજા કરી રહ્યા પછીનો વિસર્જન મંત્ર લખો.

(૭) ષોડશોપચારનાં સોળ સાધનો કયાં કયાં છે ?



**પ્ર-૫ સૂચવ્યા પ્રમાણે લખો. (૨૧)**

**(અ) નીચેનામાંથી ગમે તે ત્રણ ઉપર ટૂંકનોંધ લખો.૯**

(૧) રાજભોગની માનસીપૂજા (૨) બાપાશ્રીની વાતોનો મહિમા (૩) શિક્ષાપત્રીમાં શ્રીજીએ દર્શાવેલ અગિયાર નિયમો. (નિર્વિકલ્પ ઉત્તમ અતિ એ પ્રાર્થનાને આધારે)

**(બ) નીચેનામાંથી ગમે તે ત્રણ શ્લોક પૂરા લખી તેના ગુજરાતીમાં અનુવાદ કરો. ૧૨**

(૧) **नाभिर्मधुरा ........................मधुरम् ॥**

(૨) **मुक्ता मधुरा ........................ मधुरम् ॥**

(૩) **भवसंभव ..........................भजे सदा ॥**

(૪) **शरणागत ..........................भजे सदा ॥**

**પ્ર-૬ સૂચવ્યા પ્રમાણે લખો. (૧૮)**

**(અ) નીચેનામાંથી ગમે તે બે કીર્તનો પૂરાં લખો.૧૦**

(૧) સ્વામિનારાયણનું સ્મરણ કરતાં......

(૨) સ્વામિનારાયણ ગાદી મહાન........

(૩) સંત સમાગમ કીજે (પહેલું પદ)

**(બ) ગમે તે બેનો ઉત્તર લખો. ૮**

(૧) મંગળા આરતી લખો.

(૨) સત્તાવનના ટોળાનો ઉલ્લેખ કરો.

(૩) કયાં અને કેટલાં પ્રકારનાં મદ્યો છે તે જણાવો.

**પ્ર-૭ સૂચવ્યા પ્રમાણે લખો. (૧૧)**

**(અ) નીચેનામાંથી ગમે તે એક શ્લોક લખી તેનો ગુજરાતીમાં અનુવાદ કરો. ૬**

(૧) **दिव्याम्बराभूषण**.....................

(૨) **सर्वावतारान्** ................

**(બ) નીચેનામાંથી ગમે તે પાંચ પ્રશ્નોના જવાબ આપો.૫**

(૧) પ્રગટ પુરુષોત્તમ ભગવાનનાં દર્શનથી શો લાભ થાય ? (આરતીને આધારે)

(૨) જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રીએ કઈ સર્વોપરી સ્થિતિ સમજાવી ? (આરતીને આધારે)

(૩) જીવનપ્રાણ સ્વામીબાપાએ કરેલાં સર્વોપરી કાર્યોનું વર્ણન કરો. (આરતીને આધારે)

(૪) પ્રગટને મૂકી પરોક્ષને ભજનારાઓ માટે મુક્તાનંદ સ્વામી શું કહે છે ? (કીર્તનને આધારે)

(૫) સ્વામિનારાયણ ગાદીની શી મહાનતા છે ? (કીર્તનને આધારે)

(૬) જગતમાં સંતને પરમ હિતકારી કેમ કહ્યા છે ? (ગોડીને આધારે)

(૭) સંતસમાગમ કરવાથી શું ફળ મળે છે ? (ગોડીને આધારે)

卐 卐 卐